

સાધુ સુંદરસિંગ

# સત્યની શોધ

– સાધુ સુંદરસિંગ

93.

9BG52

# સત્યની શોધ

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

લેખક
સાધુ સુંદરસિંગ

અનુવાદક
ડૉ. હેમિલ્ટન સત્વેદી

: પ્રકાશક :

ગુજરાત ખ્રિસ્તી સાહિત્ય મંડળ

સાહિત્ય સેવાસદન, એલિસબ્રિજ,

અમદાવાદ - ૩૮૦ ૦૦૬.

પ્રથમ આવૃત્તિ : ડિસેમ્બર ૧૯૭૯

બીજી આવૃત્તિ : જૂન ૧૯૯૯

નકલ : ૧૦૦૦


મૂલ્ય : રૂા. ૧૦-૦૦

: મુદ્રક :

ફોટ્રોનિક્સ

ભરવાડા હાઉસ, હાઈકોર્ટ રેલવે ક્રોસિંગ પાસે,

નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯.



### સ્વ. રેઉએલ સિલાસભાઈ બોરસદા

જન્મ : ૭-૬-૧૯૧૩ મૃત્યુ : ૩૦-૮-૧૯૯૮

ધાર્મિક માબાપને ત્યાં સ્વ. રેઉએલભાઈ જન્મ્યા હતા. સારું શિક્ષણ મેળવી લેબોરેટરી ટેકનિશિયન તરીકે વી.એસ. હોસ્પિટલ, અમદાવાદમાં જોડાયા. ત્યાં એક્સ-રે મશીન ઉપર ફોટા પાડવાનું અને ધોવાનું કામ કરતા. વર્ષો સુધી આ સેવા ખૂબ નિખાલસતાથી બજાવી.

સ્વ. વડીલ શ્રી રામભાઈનાં દીકરી વિદ્યાગૌરીબહેન સાથે કેરીપુર મુકામે લગ્નથી જોડાયા. ખૂબ સુખી અને આશીર્વાદિત લગ્નજીવન રહ્યું. રિટાયર્ડ થયા પછી મોટા દીકરા જોનાથાનભાઈ સાથે કેલિફોર્નિયામાં રહ્યાં. ત્યાંથી ન્યૂયોર્કના બ્રૂકલીનમાં રહેતા નાના દીકરા સ્ટીવનભાઈ સાથે મૃત્યુ પામતાં સુધી રહ્યાં. સદ્ગત શ્રી રેઉએલભાઈ ખૂબ શાંત, ક્ષમાશીલ અને ઉદાર હતા. તેમનાં બધાં બાળકો અમેરિકામાં સમાજની સુંદર સેવા બજાવે છે. સ્વ. રેઉએલભાઈના સ્મરણાર્થે આ પુસ્તક પ્રગટ થાય છે.

# નિવેદન

સંત સાધુ સુંદરસિંગના જીવન અને કાર્યો વિષે નવી પેઢી કદાચ માહિતગાર ન હોય, પરંતુ જૂની પેઢીના લોકોએ સાધુ સુંદરસિંગના જીવન અને કાર્યો વિષે ઘણું સાંભળ્યું અને વાંચ્યું હતું, અને કેટલાકે તેમને ૧૯૨૭ કે ૧૯૨૮માં વડોદરામાં ભરાયેલ ખ્રિસ્તી મેળામાં જોયા પણ હશે.

તેઓએ પોતાના જીવનકાળ દરમ્યાન આઠ પુસ્તિકાઓ ઉર્દૂ ભાષામાં લખી હતી, અને ત્યાર બાદ અંગ્રેજી ભાષામાં તેનો અનુવાદ કરવામાં આવ્યો હતો.

"ગુરુને ચરણે" નામની તેમની એક પુસ્તિકા સ્વર્ગસ્થ મગનલાલ મોરારભાઈએ, સ્વર્ગસ્થ ડો. જી. કે. સત્વેદી પાસે ભાષાંતર કરાવી, ૧૯૩૦માં બહાર પાડી હતી, જેની બીજી આવૃત્તિઓ ત્યાર બાદ ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી (ગુજરાત ખ્રિસ્તી સાહિત્ય મંડળ)એ બહાર પાડી છે.

મદ્રાસની C. L. S. સંસ્થાએ ઉપરોક્ત આઠેઆઠ પુસ્તિકાઓ ૧૯૬૮માં અંગ્રેજીમાં છપાવી બહાર પાડી હતી, અને તે ઉપરથી ટ્રાક્ટ સોસાયટીએ બીજી બે પુસ્તિકાઓ (૧) સાચું જીવન (૨) સાચું મોતી, ૧૯૭૨ની સાલમાં ગુજરાતીમાં બહાર પાડી. આ રીતે, ટ્રાક્ટ સોસાયટી મારફતે ત્રણ પુસ્તિકાઓ ગુજરાતી ભાષામાં બહાર પડી ચૂકી છે. બાકીની પાંચ પુસ્તિકાઓનો પણ ગુજરાતી ભાષામાં વહેલી તકે અનુવાદ કરી બહાર પાડવાનો ટ્રાક્ટ સોસાયટીએ નિર્ણય કર્યો છે, અને આથી તે પૈકીનું એક પુસ્તક **સત્યની શોધ** પ્રસિદ્ધ થઈ ચૂક્યું છે.

આ પુસ્તક દરેક ખ્રિસ્તીએ વાંચવા જેવું છે; કારણ કે તેમાં સાધુજીએ ખ્રિસ્તી ધર્મનાં જુદાં જુદાં મહત્ત્વનાં પાસાંઓ ટૂંકમાં, છતાં રસિક અને સરળ ભાષામાં, સમજાવવાનો પ્રયાસ કર્યો છે; અને તે ઉપરાંત હિંદુ ધર્મ, બૌદ્ધ ધર્મ, ઈસ્લામ ધર્મ વિષે પણ જાણવા જેવી માહિતીઓ પૂરી પાડી છે.

આ પુસ્તિકાઓ ઘણી વહેલી પ્રસિદ્ધ થવી જોઈતી હતી, પરંતુ હવે જ્યારે ટ્રાકટ સોસાયટીએ બાકીની તમામ પુસ્તિકાઓનો ગુજરાતી અનુવાદ પ્રસિદ્ધ કરવાનું અમલમાં મૂકી દીધું છે, ત્યારે અમને વિશ્વાસ છે કે, ગુજરાતી ખ્રિસ્તી સમાજ અને સાધુ સુંદરસિંગના ચાહકો આ પુસ્તિકાઓનો બહોળો ફેલાવો કરવા અમને અવશ્ય સાથ-સહકાર આપશે.

હેમિલ્ટન સત્વેદી
અમદાવાદ — સેક્રેટરી
ડિસેમ્બર, ૧૯૭૯ — ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી

# પ્રસ્તાવના

હિંદુ ધર્મ, બૌદ્ધ ધર્મ, ઈસ્લામ ધર્મ અને ખ્રિસ્તી ધર્મ સાથેના નિકટ સંબંધને કારણે, મેં આ ધર્મોના ધાર્મિક ગ્રંથો અને તેઓના ધાર્મિક નેતાઓના લેખોનો અભ્યાસ કર્યો છે. વળી, તેઓના મોટા ભાગના વિદ્વાન અનુયાયીઓ સાથેના અંગત વાર્તાલાપ મારફતે, તેઓના વિશ્વાસ સંબંધી ઘણી માહિતી કઢાવી શક્યો છું. આ ચાર મોટા ધર્મ સંબંધી વિચાર કરતાં પરિણામરૂપે જે પ્રાપ્ત થયું છે, તે મેં આ પુસ્તિકામાં દર્શાવ્યું છે.

આ ધર્મોની નિયમબદ્ધ રૂપમાં ઐતિહાસિક સમાલોચના રજૂ કરવાનો મારો હેતુ નથી, પરંતુ તેઓના કેટલાક બુનિયાદી સિદ્ધાંતોને સરળ શબ્દોમાં મેં દર્શાવ્યા છે, જેથી જેઓ સત્યની શોધ કરે છે, તેઓને સત્ય સમજવામાં સહાયતા મળે.

ન્યૂઝીલેન્ડ પ્રેસ્બિટેરિયન મિશન, ખરડ - પંજાબના રેવ. ટી. ઈ. રીડલનો ઋણી છું, જેઓએ મારા આ ઉર્દૂ હસ્તલેખોનો અંગ્રેજીમાં અનુવાદ કરવામાં પુષ્કળ સહાયતા કરી છે.

સબાઠૂ - સિમલા — સાધુ સુંદરસિંગ
સપ્ટેમ્બર, ૧૯૨૪

# આવકાર

સાધુ સુંદરસિંગ માત્ર ભારતના નહિ પરંતુ આખી દુનિયાના એક સાચા ખ્રિસ્તી સંત તરીકે જાણીતા છે. તેમનું જીવન જેવું રસપ્રદ છે તેવું જ તેમનું શિક્ષણ ઉમદા અને જીવનલક્ષી છે.

તે શીખ હતા, તેમાંથી તે ખ્રિસ્તી બનેલા. ખ્રિસ્તી થયા પછી તેમણે ભારતના હિંદુધર્મ, બૌદ્ધધર્મ, ઇસ્લામધર્મ અને ખ્રિસ્તીધર્મનો ઊંડો અભ્યાસ કરેલો. દરેક ધર્મના પાયાના સિદ્ધાંતો પર તેમણે ઊંડું મનન કરેલું. આ ચાર મોટા ધર્મ સંબંધી વિચારણા કરતાં જે સત્યદોહન તેમણે પ્રાપ્ત કર્યું તે તેમણે આ પુસ્તકમાં દર્શાવ્યું છે.

એમાં ધર્મ અને વાસ્તવિક્તા, ચેતનાઓ, પરમેશ્વર અને તેની સૃષ્ટિ – આ ઉપરાંત દરેક મોટા ધર્મના અભ્યાસરૂપે પ્રાપ્ત થયેલ મનનો તેમણે અહીં નોંધ્યાં છે.

આ પુસ્તક દરેક ખ્રિસ્તીએ વાંચવા જેવું અને વસાવવા જેવું છે. ખ્રિસ્તી ધર્મનાં રસતત્ત્વોને – મુખ્ય આધારોને સાધુજીએ સરળ ભાષામાં સમજાવી એક મહાન સેવા બજાવી છે.

– ભગવતપ્રસાદ ચૌહાણ
સેક્રેટરી

# અનુક્રમણિકા


| | પૃષ્ઠ |
|---|---|
| નિવેદન | iv |
| પ્રસ્તાવના | vi |
| ૧. ધર્મ અને વાસ્તવિકતા | ૧ |
| (૧) મૂર્તિપૂજામાંથી ઈશ્વર તરફ ક્રમિક વિકાસ | ૧ |
| (૨) 'મનુષ્ય કેવળ પોતામાં રહેલાં તત્ત્વો સાથે સમાનતા ધરાવતાં હોય તેવાં જ તત્ત્વો સમજી શકે છે.' | ૩ |
| (૩) ચેતનાઓ, આત્મા અને બાહ્ય વસ્તુઓ વચ્ચે દુભાષિયા તરીકે કાર્ય કરે છે. | ૬ |
| (૪) પરમેશ્વર અને તેની સૃષ્ટિ | ૯ |
| (૫) ધર્મની આવશ્યકતા | ૧૨ |
| ૨. હિન્દુ ધર્મ | ૧૫ |
| (૧) વેદાન્ત | ૧૬ |
| (૨) પુનર્જન્મ અને મુક્તિ | ૨૧ |
| (૩) ભગવદ્‌ગીતા અને શ્રીકૃષ્ણ | ૨૬ |
| ૩. બૌદ્ધ ધર્મ | ૩૦ |
| (૧) ગૌતમ બુદ્ધનો ત્યાગ અને શિક્ષણ | ૩૧ |
| (૨) નિર્વાણ | ૩૫ |
| ૪. ઇસ્લામ ધર્મ | ૩૯ |
| સૂફી મત | ૪૦ |

૫. ખ્રિસ્તી ધર્મ ૪૩

(૧) પ્રભુ ઈસુ ખ્રિસ્ત સંબંધી ભવિષ્યવાણીઓ ૪૩

(૨) પ્રભુ ઈસુ ખ્રિસ્તનું દુઃખસહન કરવું અને વધસ્તંભે જડાવું ૪૫

(૩) પ્રભુ ઈસુ ખ્રિસ્તનું પુનરુત્થાન ૪૭

(૪) ખ્રિસ્તી ધર્મની કેટલીક વ્યાવહારિક સાબિતીઓ ૪૯

(૫) ઉચ્ચ સમાલોચના અને આધુનિકતાવાદ ૫૫

(૬) પ્રભુ ઈસુનું શિક્ષણ અને નમૂનો ૬૨

(૭) મનુષ્યનું અંતિમ સ્થાન ૭૧

## સાધુ સુંદરસિંગ કૃત પુસ્તકો

૧. ગુરુને ચરણે
૨. વાસ્તવિકતા તથા ધર્મ
૩. સત્યની શોધ
૪. આત્મિક જીવન
૫. આત્મિક સંસાર
૬. ખ્રિસ્તસહિત અને ખ્રિસ્તરહિત
૭. સાચું જીવન
૮. સાચું મોતી

૧

# ધર્મ અને વાસ્તવિકતા

ધર્મ, માનવીની પ્રાકૃતિક અને વિશ્વવ્યાપી અભિયાચના છે જે દ્વારા તે અલૌકિક શક્તિ, જે નિષ્ઠાપૂર્વક તેની આજ્ઞાઓનું પાલન કરવાની તમામ જરૂરિયાતો પૂરી કરે છે તેને ઓળખે છે.

બીજા શબ્દોમાં એમ કહી શકાય કે ધર્મનો હેતુ અને ઉદ્દેશ ઈશ્વર જે સર્વજ્ઞાની, સર્વવ્યાપી અને સર્વશક્તિમાન છે; જે સૃષ્ટિનો સરજનહાર, પાલનહાર અને તારણહાર છે તેની આજ્ઞાનું પાલન કરવું અને તેની સંગતમાં ખુશ રહેવું, તે છે.

જીવનનો આ અનંત ઝરો જે દશ્ય અને અદશ્ય વસ્તુઓનો કર્તા છે તે જ વાસ્તવિકતા છે.

## (૧) મૂર્તિપૂજામાંથી ઈશ્વર તરફ ક્રમિક વિકાસ

(ક) પ્રાચીન કાળના મનુષ્યો, આજના વર્તમાનકાળના અસભ્ય અને અશિક્ષિત લોકો જેવા જ હતા. તેઓને આત્મિક જરૂરિયાતોનું ભાન ન હતું અને જો હતું તો તે તરફ કોઈ ઊંડી સભાનતા ન હતી. તેઓને ફક્ત દૈહિક જરૂરિયાતો જોઈતી હતી અને ઉત્પન્નકર્તાને બદલે તેઓ તેણે ઉત્પન્ન કરેલી વસ્તુઓ જેવી કે - સૂર્ય, ચંદ્ર, અગ્નિ, હવા, પાણીની ઉપાસના કરતા હતા. યહૂદી પ્રજાને બાદ કરતાં બીજી કોઈ પ્રજા એવી ન હતી જેને એક માત્ર જીવંત પરમેશ્વરનું જ્ઞાન હોય. આથી પોતાની દૈહિક જરૂરિયાતો માટે

તેઓ એવી દશ્ય વસ્તુઓને મૂર્તિપૂજાના રૂપમાં પૂજતા હતા જેનાથી તેઓને લાભ પામવાની આશા હતી અથવા જેના કોપથી તેઓ બીતા હતા.

(ખ) સમય જતાં તેઓએ દેવતાઓની પ્રતિમા બનાવી અને તેની આગળ બલિદાનો ચઢાવવા લાગ્યા. આ પણ જ્યારે અપૂરતું લાગ્યું ત્યારે તેઓ એક ડગલું આગળ વધ્યા અને ભલા-ભૂંડાં આત્માઓ અને પોતાના પૂર્વજોના આત્માઓને પૂજવા લાગ્યા. જેમ જેમ તેઓની આત્મિક ક્ષિતિજ વિકસતી ગઈ તેમ તેમ આ બધું તેમને અસફળ લાગવા માંડ્યું, અને એક એવી આત્મિક શક્તિની શોધ અને ઉપાસના કરવાનું આવશ્યક બન્યું જે તેમની આલોક અને પરલોકની દૈહિક તેમ જ આત્મિક જરૂરિયાતો અને ઝંખનાઓ પૂરી પાડી શકે. પરમેશ્વરે આથી તેઓની આત્મિક જરૂરિયાતો અને ક્ષમતા પ્રમાણે પોતાને પ્રગટ કર્યો. "પ્રાચીન કાળમાં પ્રબોધકો દ્વારા આપણા પૂર્વજોની સાથે દેવ અનેક વાર તથા અનેક પ્રકારે બોલ્યો, તે આ છેલ્લા સમયમાં પુત્ર કે, જેને તેણે સઘળાંનો વારસ ઠરાવ્યો, અને વળી જેના વડે તેણે જગતોને ઉત્પન્ન કર્યાં, તે દ્વારા આપણી સાથે બોલ્યો." (હેબ્રી. ૧ : ૧-૨).

(ગ) પ્રાચીન સમયના લોકો સાદા અને કાચા કે અપરિપકવ રૂપના પથ્થરો, તાંબા કે લોખંડનો ઉપયોગ કરતા હતા; પરંતુ હવે આપણને એવાં હથિયારો કે ઓજારોના ઉપયોગની જરૂર પડતી નથી; કારણ કે આપણી સંસ્કૃતિ તેઓની સંસ્કૃતિથી પુષ્કળ આગળ નીકળી ગઈ છે. આ હકીકત છે કે આપણામાં પણ તે જ ચેતનાઓ જોવામાં આવે છે જેમાંથી તેઓની જરૂરિયાતો પણ ઉત્પન્ન થઈ

હતી. દા.ત. ભૂખ અને તરસ છિપાવવાની ચેતના પ્રથમ જેવી જ છે, પરંતુ સમયના વિકાસના વહેણ સાથે જે માર્ગે તે સંતોષી શકાય તે બદલાય છે. આ જ રીતે, જો કે આપણે તેમનાં ધાર્મિક અને ઐતિહાસિક પુસ્તકો દ્વારા જાણીએ છીએ કે તેઓની જરૂરિયાતો આપણા જેવી જ હતી; છતાં તેનો અર્થ એ નથી કે આપણે પણ તેઓની મૂર્તિપૂજા અપનાવી લઈએ.

પ્રાચીનકાળના લોકોની આદતો વિષે જ્ઞાન સંપાદન કરવાનો હેતુ આ છે કે, આપણને જ્ઞાન પ્રાપ્ત થાય છે, મોક્ષ મેળવવા તેમના ભલા-ભૂંડાના અને પાપ અને તેની દુષ્ટ અસરોના સંઘર્ષમાં તેઓ કેવાં સાધનોનો ઉપયોગ કરતા હતા, અને કેટલી હદે સફળતા પામતા હતા.

આપણા યુગમાં, પણ એ જ રીતે પરંતુ વિશેષ પ્રમાણમાં મોક્ષ પ્રાપ્ત કરવાના પ્રયાસમાં લોકો ભલાઈ અને દુષ્ટતાનો સંઘર્ષ કરતી કઠણાઈઓમાં ગૂંચવાઈ ગયા છે, પરંતુ હવે વાસ્તવિકતાનું વિકસીત પ્રકટીકરણ અસ્તિત્વમાં છે જે પ્રત્યેક યુગ અને પ્રત્યેક વ્યક્તિની જરૂરિયાતો, ક્ષમતા અને સ્થિતિને અનુરૂપ છે. આનો અર્થ આ નથી કે, જો કે તે જુદા વાતાવરણ અને સંસ્કૃતિમાં વસતા લોકોને જુદા જુદા રૂપમાં જોવા મળે છે માટે સત્ય યા વાસ્તવિકતામાં પરિવર્તન આવ્યું છે. નવું દષ્ટિબિંદુ જોવા મળે છે, પરંતુ વાસ્તવિકતામાં કોઈ પરિવર્તન આવ્યું નથી.

**(૨) 'મનુષ્ય કેવળ પોતામાં રહેલાં તત્ત્વો સાથે સમાનતા ધરાવતાં હોય તેવાં જ તત્ત્વો સમજી શકે છે.'**

(ક) વિભિન્ન ધર્મોના અનુયાયીઓ અને વિભિન્ન વિચારધારા કે ક્ષમતા ધરાવનાર લોકો માને છે કે, પોતાના જ્ઞાન, વિશ્વાસ તથા

અનુભવના આધાર ઉપર તેઓ વાસ્તવિકતાની સંપૂર્ણ વ્યાખ્યા અને વર્ણન કરી શકે છે, પરંતુ તેઓનો અનુભવ ઘણી વાર સ્વપ્નો અને દર્શન માફક મર્યાદિત હોય છે. આ તફાવત, જે તેઓમાં દષ્ટિગોચર થાય છે તે કેવળ બહારની સપાટી ઉપર જ હોય છે, અને વાસ્તવિકતાની મૂળ વિચારધારામાં જેનું તેઓ નિરૂપણ કરવા ચાહે છે તેમાં કંઈ તફાવત હોતો નથી.

આ બાબત એના જેવી છે કે ત્રણ વ્યક્તિઓ જેઓ લાલ, વાદળી અને લીલા રંગનાં ચશ્માં પહેરીને એક સફેદ ફૂલ તરફ જુએ છે. દરેકને ફૂલ જુદા રંગનું દેખાય છે. ફૂલના મૂળ અસ્તિત્વ વિષે તેઓ બધા એક જ મતના છે. પરંતુ તેઓનો વિવાદ ફૂલના રંગ વિષે છે, અને જ્યારે તેઓ ચશ્માં દૂર કરે છે ત્યારે ફૂલને મૂળ રંગમાં બધા જુએ છે. મનુષ્યનો વિશ્વાસ અને તેમની ચેતનાઓ ચશ્માં સમાન છે, જેની મારફતે તેઓ નિરીક્ષણ કરીને દરેક વસ્તુનો અંદાજ આંકે છે. પરંતુ જ્યાં સુધી તેઓના હૃદયમાં દૈવી પ્રકાશ ફેલાતો નથી ત્યાં સુધી વાસ્તવિક્તાને જે રીતે ઓળખવી જોઈએ તે રીતે ઓળખી શક્તા નથી. પરંતુ જેઓ ખરેખર સત્યની શોધમાં છે તેઓને, જે જગતનું અજવાળું છે, અને 'જે જગતમાં આવનાર દરેક વ્યક્તિને પોતાના મારફતે પ્રકાશ આપે છે' તેઓને વાસ્તવિક્તા સુધી દોરી જશે (યોહાન ૧: ૯; ૮ : ૧૨).

(ખ) આપણે જ્યારે કોઈ વસ્તુને દૂરથી નિહાળીએ છીએ ત્યારે તે નાની દેખાય છે, અને આપણે તેની ખરી પ્રકૃતિ સમજી શક્તા નથી, પરંતુ જ્યારે આપણે પાસે આવીએ છીએ, ત્યારે આપણને ધીમે ધીમે તેની ખરી પ્રકૃતિનું ભાન થાય છે. વસ્તુમાં કોઈ ફેર પડ્યો નથી, પરંતુ તેના સંબંધીનું આપણું જ્ઞાન અને

અનુભવમાં વૃદ્ધિ થઈ છે. આ જ રીતે, ધીમે ધીમે પગથિયાં ચઢતાં આપણે ઈશ્વરની નિકટ સંગત અને ઉપસ્થિતિમાં પ્રવેશ પામીશું, અને આથી આપણું આત્મિક જ્ઞાન અને અનુભવ વૃદ્ધિ પામશે, અને સંપૂર્ણ વાસ્તવિક્તાને ઓળખી શકીશું. "જેવો તે છે તેવો આપણે તેને જોઈશું." (૧ યોહાન ૩ : ૨; ૧ કોરિંથી ૧૩ : ૧૨).

(ગ) જે વ્યક્તિએ કદી સફરજન ફળનું વૃક્ષ જોયું નથી, પરંતુ કેવળ તેનું નાનું બી જોયું છે, તે કદી સમજી શકતા નથી કે આ નાનાશા બીજમાં આખું ઝાડ, પાંદડાં, ફૂલો અને ફળો સાથે સમાયેલું છે. તેના ઊગવા માટેનું વાતાવરણ જ્યારે બીને પ્રાપ્ત થાય, ત્યારે નિશ્ચિત સમયે તેની ખરી પ્રવૃત્તિ જોવા મળશે, અને તેની તમામ છુપાયેલી શક્તિ જાહેરમાં આવશે, અને સંપૂર્ણ વિકાસ પામશે. આ રીતે આખા પ્રશ્નનો ઉકેલ આવશે. આ જ રીતે, બીજી બધી બાબતો પડતી મૂકીને એમ કહી શકીએ કે, મનુષ્યને તેનામાં છુપાયેલી શક્તિનું ભાન નથી, પરંતુ જો તે ઈશ્વરની ઇચ્છા પ્રમાણે અને ઈશ્વરની સંગતમાં ચાલે, તો વૃદ્ધિ માટેની તમામ જરૂરિયાતો મેળવવાનું તે ચાલુ રાખશે, અને તે સંપૂર્ણ કક્ષાએ જેને માટે ઈશ્વરે તેને ઉત્પન્ન કર્યું છે ત્યાં પહોંચશે. આમ બનશે ત્યારે તેની તમામ મુશ્કેલીઓ અને કોયડાઓનો અંત આવશે. "અને આપણે કેવા થઈશું, તે હજી સુધી પ્રગટ થયું નથી. આપણે એટલું તો જાણીએ છીએ કે જ્યારે તે પ્રગટ થશે, ત્યારે તેના જેવાં આપણે થઈશું, કેમ કે જેવો તે છે તેવો આપણે તેને જોઈશું." (૧ યોહાન ૩: ૨).

(ઘ) વૃક્ષ અમર્યાદિત જગ્યામાં ઊગે છે, આમ છતાં તેને માટે એક હદ નિર્ધારિત છે જેની બહાર તે ફેલાઈ શકતું નથી.

ગુરુત્ત્વાકર્ષણની શક્તિ તેને તેની નિર્ધારિત હદ કરતાં એક ઇંચ પણ આગળ વધવા દેશે નહિ. આ જ પ્રમાણે, આપણું ડહાપણ, સમજણ અને વિચાર એક નાના વર્તુળની અંદર મર્યાદિત છે જેની હદ ઓળંગવી શક્ય નથી.

આવનાર દુનિયાની આકર્ષણશક્તિ પ્રેમ છે, જે માર્ગમાં અંતરાયો ઊભા કરવાને બદલે, આત્માની સંપૂર્ણતા તરફની આગેકૂચમાં મદદ અને સહાયતા કરે છે.

(ચ) ઘણું કરીને એવું બને છે કે કોઈ વિચારક, જે બીજાઓથી સ્વતંત્ર રીતે કામ કરે છે, તે એવા નિર્ણય ઉપર પહોંચે છે જ્યાં બીજાઓ અગાઉ પહોંચી ચૂક્યા છે. આનું કારણ આ છે કે આ પૃથ્વી એક વિશાળ સંગ્રહસ્થાન જેવી છે જેમાં જુદી જુદી અનેક વસ્તુઓનો સંગ્રહ છે. દરેક મુલાકાતી પોતાના અનુભવના માધ્યમ દ્વારા આ વસ્તુઓ જુએ છે, અને પોતાની લાગણીઓનો રંગ ચઢાવી બીજાઓને બતાવે છે. દરેક વ્યક્તિ આ જ પ્રમાણે વર્તે છે, પરંતુ તે પરિણામ સરખું જ હોય છે. બીજી તરફ, એવા લોકો હોય છે જેઓ બૌદ્ધિક શક્તિ મર્યાદિત, અને જેમનામાં આત્મિક અનુભવનું ઊંડાણ નથી, તેઓ જ્યારે વાસ્તવિક્તાની સમજ આપે છે ત્યારે પોતાની ભાવનાઓ, તેમનાં લખાણ અને પ્રવચનોમાં વ્યક્ત થાય છે, અને આથી તેઓ ભિન્ન અને વિકૃત રજૂઆત કરે છે, પરંતુ વાસ્તવિક્તામાં કોઈ ફેર પડતો નથી.

**(૩) ચેતનાઓ, આત્મા અને બાહ્ય વસ્તુઓ વચ્ચે દુભાષિયા તરીકે કાર્ય કરે છે.**

(ક) શારીરિક ચેતનાઓ અને આત્માની સૂઝ, તેમની પોતાની પ્રકૃતિમાં, કંઈ જ નથી, પરંતુ તેઓ આત્મા અને બીજી વસ્તુઓ વચ્ચે

દુભાષિયાનું કામ કરે છે. જેવી રીતે મીઠાઈની મીઠાશ તેને પોતાને માટે હોતી નથી, એ જ પ્રમાણે ચેતનાઓની સૂઝ તે ખુદ ચેતનાઓ માટે હોતી નથી. ભૌતિકવાદીઓ માને છે તે પ્રમાણે મનુષ્ય પોતાની મેળે પોતાની શક્તિથી ચાલનારું યંત્ર નથી. યંત્રને આ બાબતનું જ્ઞાન નથી કે તે એક યંત્ર છે, અને મગજ અને જ્ઞાનતંતુઓમાં આવું કંઈ નથી જેથી તે પોતે વિચાર અને તર્ક ઊપજાવી શકે, અને તેઓ મનુષ્યના આત્મા માટે સાધનો તરીકે કામ કરે.

મનુષ્યને યંત્ર સમજનાર વ્યક્તિઓ સાથે વિવાદ કરવો વ્યર્થ છે, જેઓ મનુષ્યને સ્વયંસંચાલિત યંત્ર માને છે, તેઓ આ પ્રશ્નનો ઉત્તર આપી શક્તા નથી કે, શું સ્વયંસંચાલિત યંત્ર પોતે સ્વયં સંચાલિત છે તેવો સિદ્ધાંત સ્થાપી શકે? લોકો સાથે પણ વિવાદમાં ઊતરવું વ્યર્થ છે જેઓ માને છે કે, વિચાર, લાગણી, ઈચ્છા તથા કલ્પના જીવ-ધાતુ (Protoplasm)માં નકામા પરપોટા સમાન છે, કારણ કે જેમ વિચાર આપણા જીવનનો પ્રવાહ બદલી શકે તેમ પરપોટો પાણીનો પ્રવાહ બદલી શક્તો નથી. હેગલે કહ્યું છે કે, 'વિચારને હાથ-પગ હોય છે.'

(ખ) જો મનુષ્યની બુદ્ધિ અને શક્તિ તેના મગજના કદ ઉપર આધારિત હોય, જે તેને બીજાં પ્રાણીઓ ઉપર પ્રભુત્વ દાખવવા જાણે કંઈ જ નથી, તેમની આશ્ચર્યજનક શક્તિનો આધાર શાના ઉપર છે?

જો તેઓ કહે કે, આ બધું તેમની જન્મજાત સ્ફુરણાને કારણે છે, તો પછી વૃક્ષનાં મૂળ પોષણ શોધવા, કેવી રીતે પોતાને ખોરાક મળે તે દિશમાં આગળ વધે છે અને જે તેમને નુકસાનકારક છે તેનાથી દૂર રહે છે?

એવી કઈ જન્મજાત સ્ફુરણા અને મગજશક્તિ છે, જે વેલાઓ અને લતાઓને ઉપર ચઢવા માટે પોતાના તંતુઓ બીજાઓનો આધાર લેવા વળગવાનું નિર્દેશન કરે છે?

લોહચુંબકમાં એવો કયો ગુણ છે જે સંવેદનશીલ તથા જડ વસ્તુઓ આકર્ષે છે, અથવા દૂર હઠાવે છે?

તો પછી સત્ય આ છે કે, પરમેશ્વર જેણે મહત્ત્વહીન જીવોને તેમની જરૂરિયાત પ્રમાણે શક્તિ આપી છે, તેણે જ મનુષ્યને પોતાની પ્રતિમા પ્રમાણે અને પોતાના જેવી સમજશક્તિ આપીને ઉત્પન્ન કર્યું, જે તેની સાથે સંપમાં રહીને પોતાને બંને સૃષ્ટિના સૃજનાર તરફ દોરી જાય.

(ગ) આપણે શબ્દોમાં વર્ણવી શકીએ તે કરતાં વિશેષ જ્ઞાન આપણને હોય છે, કારણ કે આપણે આપણી આંતરિક સચેતનાઓ સ્પષ્ટ રીતે કદી સમજવી શકીએ નહિ. હંમેશાં કેટલુંક તો એવું બાકી રહે છે જે આપણે સ્પષ્ટ કહી શકતા નથી. આપણી વ્યક્ત કરવાની શક્તિની બહાર આપણને ઘણા અનુભવો હોય છે, પરંતુ તે આપણી સમજશક્તિની બહાર તો નથી જ.

કોઈ કોઈ વાર આપણને આંતરજ્ઞાન મળે છે, અને અચાનક કોઈ અદ્ભુત વિચારો મગજમાં ઊઠે છે. આ બધું આપણે બીજાઓ પાસેથી શીખ્યા નથી, કારણ કે બીજું કોઈ તે સમજાવી શકે નહિ, અને આ દૃશ્ય સંસારમાં આપણી ચેતનાઓ દ્વારા પણ તે જ્ઞાન મેળવી શકીએ નહિ. તો પછી પ્રશ્ન આ થાય છે કે, આ છુપાયેલી વસ્તુઓનું આપણને કઈ રીતે ભાન થયું?

હું કહીશ કે આ વાતનું પ્રમાણ આ છે કે, આપણા આત્મા અદૃશ્ય અને આત્મિક સૃષ્ટિ સાથે જોડાયેલા છે, જેનો પ્રકાશ

આપણે જાણતા ન હોઈએ છતાં આપણા આંતરિક જીવનમાં પડે છે. આપણી આંતરિક સૂઝ દ્વારા બીજી દુનિયાનું કેટલુંક સત્ય આપણને પ્રાપ્ત થાય છે, પરંતુ તેની સાબિતી બીજી દુનિયા જે અત્યારે આપણે જાણે કે ધૂંધળા કાચમાં જોઈ શકીએ છીએ, તેમાં દાખલ થઈને અનુભવ મેળવીએ ત્યારે જ આપી શકાય.

(ઘ) મધમાખી અને કીડી, પોતાની નાની દુનિયામાં બુદ્ધિમાન અને પરિશ્રમી જીવ છે, પરંતુ, પોતાના જીવનના વર્તુળ બહાર, તેઓ ઉચ્ચ કોટીના મનુષ્યોને જુએ છે જેમનું જીવન અને પ્રકૃતિ પોતાના જીવનના માપદંડથી માપે છે. આમ આત્મિક દુનિયામાં આપણે ઉચ્ચ આત્મિક આત્માઓ સાથે સંપર્કમાં આવીએ છીએ, જેઓ બાબતમાં આપણું જ્ઞાન કીડીઓના આપણા સંબંધી જ્ઞાન જેટલું મર્યાદિત છે. બીજી બાજુ, મનુષ્ય જો કે કીડી કરતાં અધિક શ્રેષ્ઠ છે, છતાં એ નાના જંતુ-કીડી સંબંધીનું પૂર્ણ જ્ઞાન તેને નથી. આ જ રીતે, ઉચ્ચ આત્મિક જીવોને પણ આપણા સંબંધી પૂરું જ્ઞાન નથી. ફક્ત એકલો ઈશ્વર જેણે આખી સૃષ્ટિ ઉત્પન્ન કરી છે તેને જ તમામ જીવોનું સંપૂર્ણ જ્ઞાન છે.

## (૪) પરમેશ્વર અને તેની સૃષ્ટિ

(ક) જડ અને ચેતન વસ્તુઓના સર્જન અગાઉ અંતરિક્ષનું અસ્તિત્વ હતું, અને જો સમસ્ત સૃષ્ટિ નષ્ટ થઈ જાય, તોપણ અંતરિક્ષ રહેશે, પરંતુ આ અકલ્પનીય છે કે પૃથ્વી નાશ પામે અને અંતરિક્ષ ખાલી રહે. આ શક્ય નથી કે, પદાર્થ પોતાની સર્જનશક્તિથી અસ્તિત્વમાં આવ્યો અથવા નિર્જીવ પદાર્થમાંથી સજીવ ઉત્પન્ન થયો. આના ફળરૂપે, આપણે આ અનુમાન ઉપર પહોંચીએ છીએ કે સૃષ્ટિમાં નિયમ અને વ્યવસ્થા સ્થાપિત છે,

અને તે એક સર્વશક્તિમાન અને સર્વજ્ઞાની ઈશ્વરના અસ્તિત્વનું પ્રમાણ છે, જે સ્વયં અનંત અને સનાતન હોવાથી, અવકાશને દશ્ય અને અદશ્ય વસ્તુઓથી ભરી દીધું.

(ખ) પરમેશ્વર સિવાય બીજું કંઈ જ અનંત નથી. આથી આપણી સામે આ પ્રશ્ન આવે છે કે, જો સૃષ્ટિ અનંત નથી તો કોઈએ તેનું સર્જન કર્યું હશે, અને જો આમ હોય, તો જ્યારે તેણે સૃષ્ટિનું સર્જન કર્યું ત્યારે પોતામાં પણ કોઈ ફેરફાર થયો હશે. પરંતુ આ અશક્ય છે, કારણ કે ઈશ્વરમાં કોઈ ફેરફાર થતો નથી. સત્ય બીના આ છે કે, સૃષ્ટિનું સર્જન થયું તે અગાઉ સમસ્ત સૃષ્ટિનું અસ્તિત્વ ઈશ્વરના જ્ઞાનમાં હતું. તેનું બાહ્યરૂપમાં અસ્તિત્વ, કે તેના જ્ઞાનમાં તેનું અસ્તિત્વ, બંને પરમેશ્વર માટે સરખું જ છે.

બીજી બાજુ, જો આપણે સૃષ્ટિને અનંત માનીએ તો પરમેશ્વર તેનો સર્જક નથી, અને જો તે સર્જક નથી, તો તે સર્વશક્તિમાન નથી, આવો ઈશ્વર એક બળવાન વ્યક્તિ જેવો છે, જે તેની મિલકતનો સ્વામી છે અને તેની મિલકતનો ઉપયોગ કરી શકે છે, પરંતુ જ્ઞાન અને શક્તિમાં મર્યાદિત હોવાથી, જે વસ્તુઓનો તે ઉપયોગ કરે છે તેની ખરી પ્રકૃતિથી અજાણ છે. ઈશ્વરમાં આવી મર્યાદાઓ તેની પ્રકૃતિ અને ગુણની વિરુદ્ધ છે. પરંતુ આ વિષે વધુ કહેવું આવશ્યક નથી. સૃષ્ટિ તેના જ્ઞાનમાં હતી, અને તેની રચનાત્મક શક્તિ દ્વારા અસ્તિત્વમાં આવી. જે પ્રમાણે સર્વેશ્વરવાદીઓની માન્યતા છે તે પ્રમાણે, સૃષ્ટિ તેનામાં સમાયેલી નથી, પરંતુ તે, તેનામાંથી, તેનામાં અને તેનામાં રહેનાર હોવા છતાં તેનાથી અલગ છે.

(ગ) "પરમેશ્વરનો આત્મા પાણી ઉપર હાલતો થયો" અને તેની સન્મુખ અસંખ્ય વસ્તુઓ અસ્તિત્વમાં આવી. ઈશ્વરનો આત્મા હજુ પણ અનંત અંતરિક્ષમાં મનુષ્યના આત્મા ઉપર છવાયેલો છે. એ મહાન તથા મહિમાયુક્ત જીવો સંબંધીનું જ્ઞાન કેવળ ઈશ્વરને જ છે, જે ચોક્કસ સમયે જાહેર થશે, અને તેઓ પોતાના સરજનહાર માફક સંપૂર્ણ બનીને, તેની સંગતનો અનંત આનંદ પ્રાપ્ત તરશે.

(ઘ) આ સૃષ્ટિમાં આરોગ્ય-તત્ત્વોથી ભરપૂર ઉપરાંત કડવા અને ઝેરી પદાર્થો પણ છે. આ બધાનો ઉત્પન્નકર્તા પરમેશ્વર છે. પરંતુ તેમનામાં રહેલાં દુષ્ટ તત્ત્વો દુષ્ટ શક્તિએ પેદા કર્યાં. આ પ્રમાણે પરમેશ્વર તમામ આત્માનો સર્જક છે, પરંતુ મનુષ્યોમાં જે દુષ્ટ પ્રવૃત્તિઓ જોવામાં આવે છે તે તેમની સ્વતંત્ર ઇચ્છાનું પરિણામ છે. પરમેશ્વરે ન તો પાપની કે દુષ્ટતાની રચના કરી, કે ન તેણે મનુષ્યોને તેના તરફ અભિરુચિ આપી, પરંતુ તેણે પોતાનો માર્ગ પોતે પસંદ કરવા તેઓને સ્વતંત્રતા બક્ષી. પરંતુ ઈશ્વર, જે પ્રેમ છે, તે મનુષ્યના આત્મામાં એવી પવિત્ર અને સ્વાસ્થ્ય પમાડનારી શક્તિ પેદા કરી શકે છે જેથી તેમની દુષ્ટ પ્રકૃતિ અને તમામ આત્મિક રોગ સદા માટે દૂર થઈ શકે છે.

જ્યારે પાપની જડ ખોદી કાઢવામાં આવશે, ત્યારે તેનાં તમામ દુષ્ટ પરિણામો સૃષ્ટિમાંથી અદશ્ય થશે, પરંતુ પાપના પરિણામે દુઃખ પમાડનાર અનુભવોમાંથી મળેલ બોધપાઠ તેઓને પોતાના ભવિષ્યના જીવન માટે હંમેશાં સજાગ રહેવાની જરૂરિયાતની યાદ આપતા રહેશે.

પરમેશ્વરના ગુણોની વિરુદ્ધના રાજ્યમાં જ્યાં તે એકલો સર્વસત્તાધીશ હશે ત્યાં તેની પ્રકૃતિ અને ગુણ વિરુદ્ધની કોઈ

વસ્તુનું અનંતકાળ સુધી ટકી રહેવું અસંભવિત છે.

(ચ) લોકો, સૃષ્ટિનું સૌંદર્ય જે ફૂલ-ફળોમાં, નદી-સરોવરોમાં, પર્વત અને ઘાટીઓમાં જોવા મળે છે તેથી મોહિત થાય છે, પરંતુ તેઓનું ધ્યાન આ કુદરતી સૌંદર્ય જોવામાં એટલું લીન થઈ જાય છે કે, તેઓ તેની પાછળ રહેલા સરજનહાર, જે પોતાના સર્જનની પાછળ છુપાયેલા છે તેને ઓળખવામાં નિષ્ફળ નીવડે છે.

જ્યારે સૃષ્ટિ આટલી સુંદર છે, ત્યારે તેનો બનાવનાર કેટલો વિશેષ મહિમાવંત હશે! જ્યારે તેના હાથની બક્ષિસો આટલી આકર્ષક છે, તો આ આકર્ષણોના ઉત્પાદકની હાજરી કેટલી આશ્ચર્યજનક હશે!

દુઃખની બાબત આ છે કે વિવેકહીન મનુષ્ય ઉત્પન્ન થયેલ વસ્તુઓથી સંતુષ્ઠ રહે છે, અને ઈશ્વરની જીવનદાયક અને આત્માને સંતોષ અને શાંતિ પમાડનાર હાજરીથી અજ્ઞાન રહે છે.

(છ) પશુ પોતાના માલિકને ઓળખે છે, પરંતુ મનુષ્ય, જે ઉત્પન્ન થયેલ તમામ સૃષ્ટિ કરતાં શ્રેષ્ઠ છે, તે પશુઓ કરતાં પણ નીચી કક્ષાએ પહોંચ્યું છે, અને પોતાના કર્તાને ઓળખતું નથી. અગર જો તે પોતાની જાતને કે પોતાની વાસ્તવિક પ્રકૃતિને ઓળખે, તો પવિત્ર આત્માની મદદ અને દોરવણીથી તે ઈશ્વરને પણ ઓળખશે જેણે પોતાની પ્રતિમા પ્રમાણે તેને બનાવ્યું છે.

## (૫) ધર્મની આવશ્યક્તા

(ક) જ્યારે પાણીની સપાટી ઉપર મોજાં ઊઠે છે ત્યારે આપણે પાણીમાં આપણો ચહેરો જોઈ શક્તાં નથી. આ જ રીતે, જ્યાં સુધી મનુષ્યના હૃદયમાં સંસારનાં તોફાની મોજાં શાંત ન

બને ત્યાં સુધી, તે પોતાની આત્મિક જરૂરિયાતોનું વાસ્તવિક રૂપ જોઈ શક્તું નથી. જ્યારે શાંત મનન દ્વારા તે પોતાની જરૂરિયાત જાણે છે, ત્યારે પોતાની લાચાર સ્થિતિમાં તે મદદ અને તારણ માટે ઈશ્વરની આવશ્યક્તાનો અનુભવ કરે છે, અને પોતાના તારણ માટે પ્રાર્થના દ્વારા પોતાને ઈશ્વરને અર્પિત કરે છે.

(ખ) જ્યારે હૃદયમાં કોઈ પ્રકારનું છળકપટ હોતું નથી અને તે દુનિયાઈ લાલચો અને પ્રપંચોથી મુક્ત હોય છે, ત્યારે જેવી રીતે હોકાયંત્રનો કાંટો ધ્રુવ તારા તરફ ફરે છે, તેવી રીતે તેનું હૃદય ઈશ્વરી આકર્ષણને આધીન થઈને, તેના તરફ ફરે છે. મનુષ્ય પ્રકૃતિ માટે આ અસંભવિત છે કે તે ઈશ્વરના અમર્યાદિત પ્રેમ તથા પવિત્રતા તરફ ન આકર્ષાય. "ઈશ્વર રહિત અવસ્થામાં કોઈ ખરેખર મહાન માણસ કદી જીવ્યો નથી." (સેનેકા).

(ગ) જ્યારે લોકોને ઈશ્વરનું ખરું જ્ઞાન પ્રાપ્ત થયું હોતું નથી, ત્યારે તેઓનો ધર્મ બીક અને સ્વાર્થ ઉપર આધારિત રહે છે. મેં એક વાર સિક્કમ દેશની લેપચા કોમના કેટલાક લોકોને પ્રશ્ન કર્યો કે, જીવતા પરમેશ્વરને બદલે તેઓ અશુદ્ધ આત્માઓની પૂજા શા માટે કરે છે? તેઓએ જવાબ આપ્યો, "દુષ્ટ આત્માઓ નુકસાન કરશે તેવી ભીતિમાં અને નિરંતર જીવીએ છીએ, આથી અમે તેઓને પ્રસન્ન રાખવાની કોશિશ કરીએ છીએ. પરંતુ ઈશ્વરની કે ભલા આત્માઓની પ્રાર્થના કરવાનો કે તેમની ઉપાસના કરવાનો શું અર્થ છે, જ્યારે તેઓ તરફથી અમને નુકસાન થવાની કોઈ બીક નથી!" તેઓ આ બાબતે અજ્ઞાન હતા કે ઈશ્વરની સંગતથી આપણે ભૂંડા આત્માઓ ઉપર જીત મેળવી શકીએ છીએ, અને ગમે તેવાં આક્રમણો સામે ઈશ્વર આપણું રક્ષણ કરે છે.

(ઘ) પ્રાચીન કાળના એક તત્ત્વજ્ઞાની, જેને પરમેશ્વર અને ધર્મની આછી જરૂરિયાત જણાઈ તેણે કહ્યું:

"આદિ કાળમાં જ્યારે અવ્યવસ્થા અને હિંસા ફેલાયેલાં હતાં, ત્યારે ખુલ્લા અપરાધો માટે કાનૂન મારફતે સજા અપાતી હતી, પરંતુ અંતરમાં છુપાયેલાં છાનાં પાપો કે અપરાધોને તેઓ સ્પર્શ કરી શક્તા નહિ. એક સંતે સલાહ આપી કે, "મનુષ્યના નૈતિક સુધારા માટે તેઓને ભયભીત દશામાં રાખવા જરૂરી છે. તેઓને એવા દેવ-દેવીઓ બનાવવા દો જેઓ બધું જોઈ શકે, બધું સાંભળી શકે, જેઓ મનુષ્યની બધી પ્રવૃત્તિઓ જાણી શકે, એટલું જ નહિ, પરંતુ તે મનુષ્યના આંતરિક વિચારો અને અભિપ્રાયો પણ સમજી શકે."

આ ફિલસૂફ જો કે ઈશ્વરના અસ્તિત્વ વિષે અજાણ હતો, પરંતુ તેની આંતરિક પ્રકૃતિમાં ઈશ્વરના અસ્તિત્વની ચોકખી છાપ જોઈ શકાય છે, દેવદેવીઓ બનાવવાના તેના વિચારોની પાછળ ઈશ્વર પોતે જ ક્રિયાત્મક રૂપમાં ઊભેલો દેખાય છે. ટૂંકમાં, દરેક યુગ અને દરેક જાતિમાં, એક અથવા બીજા રૂપમાં, ઈશ્વર વિષેની ઊંડી ભૂખ, નિશ્ચે રહી જ છે.

હવે હું ચાર ધર્મો- હિન્દુધર્મ, બૌદ્ધધર્મ, ઈસ્લામધર્મ અને ખ્રિસ્તીધર્મ સંબંધી કંઈ આલેખવાનો પ્રયત્ન કરીશ કે કયો ધર્મ મનુષ્યોની જરૂરિયાતોને સંતોષી શકે છે, અને કેટલી હદે અને વ્યક્તિગતરૂપે તે આત્માને શાંતિ પમાડી શકે છે, જે સનાતન પરમેશ્વરથી પોતાની જુદાઈનો બોજ અનુભવે છે. ★

# ૨
# હિંદુ ધર્મ

‘હિંદુ’ શબ્દ વેદમાં કે ધર્મશાસ્ત્રોમાં જોવામાં આવતો નથી, અને તેનો સાચો અર્થ અજ્ઞાત છે. સંભવિત છે કે સિંધુ નદી પાસે જે આર્યો રહેતા હતા, તેઓ ‘સિંધુ’ તરીકે ઓળખાતા હતા, અને કાળાન્તરે એ નામ બદલાઈ ને હિંદુ બન્યું.

હિંદુ ધર્મમાં ચાર વેદો, ઉપનિષદો, જેમાંથી બાર મહત્ત્વના છે, છ દર્શનો; ભગવદ્‌ગીતા અને બીજાં ઘણાં શાસ્ત્રો તથા પુરાણોનો સમાવેશ થાય છે.

એક હિંદુ વિદ્વાને હિંદુ ધર્મ વિષે નીચે પ્રમાણે લખ્યું છેઃ

“હિંદુ ધર્મમાં કોઈ ધર્મસિદ્ધાંત નથી. તમે તમારી રુચિ પ્રમાણેનો કોઈપણ સિદ્ધાંત ગ્રહણ કરી શકો છો, હિંદુ મટી ગયા સિવાય તમે નાસ્તિક પણ હોઈ શકો છો. હિંદુ તરીકે તમારે સૈદ્ધાંતિક રીતે વેદો જે ધર્મનો પ્રચાર કરે છે તેનો સ્વીકાર કરવો આવશ્યક છે, પરંતુ વૈદિક સિદ્ધાંતોની તમે તમારી રીતે વ્યાખ્યા કરી શકો છો, આ રીતે તમે સિદ્ધાંતવાદના બંધનમાંથી છટકી શકો છો.”

હિંદુ ધર્મ સદંતર જુદા ધાર્મિક સિદ્ધાંત સ્વીકારે છે કે, જે હિંદુ માતાપિતાથી જન્મ લે છે, અને કોઈપણ વિધિનો સ્વીકાર કરે તે હિંદુ છે. હિંદુધર્મનો કોઈ એક સંસ્થાપક નથી. અનેક યુગો જેમની

વચ્ચે પુષ્કળ અંતર રહેલું હતું, તેમાં ધાર્મિક શિક્ષકોએ પોતાને જે સત્ય લાગ્યું તે લખ્યું, અને પાછળ આવનારાઓને તે આપતા ગયા. આથી જ હિંદુ ધર્મના શિક્ષણમાં જુદાં જુદાં તેમ જ એકબીજાથી વિરુદ્ધનાં તત્ત્વો જોવામાં આવે છે. આ ધર્મના શિક્ષકોમાં કેટલાક સત્યના ખરા શોધકો, ભક્તો અથવા ઉપાસકો હતા જેઓને અમુક અંશે ઈશ્વરથી થોડો પ્રકાશ પણ મળ્યો હતો... "જેઓને તેણે પોતાને વિષે સાક્ષી આપ્યા વગર ન છોડ્યા." (પ્રે. કૃ. ૧૪ : ૧૬-૧૭). કેટલાક ભક્તોએ સાધુ-સંન્યાસી બનીને સંસાર અને વિલાસના ત્યાગ ઉપરાંત પોતાનાં રાજ્યો સુદ્ધાં તજી દીધાં, અને પોતાનો સમય મનનમાં ગાળ્યો. આજની દુનિયામાં હિંદુઓ સિવાય બીજા કોઈને શોધવા મુશ્કેલ છે જેઓ ધાર્મિક કાર્યોમાં રચ્યાપચ્યા હોય.

હવે હું હિંદુ ધર્મના મુખ્ય સિદ્ધાંતનો ઉલ્લેખ કરીશ.

## (૧) વેદાન્ત

(ક) વેદાન્તનો અર્થ વેદોનો અંત, યા જ્ઞાનનો અંત. તેનો મુખ્ય આધાર ઉપનિષદના શિક્ષણ ઉપર છે, જેમાં વેદોનું તત્ત્વજ્ઞાન અને ટીકા સમાયેલાં છે, પરંતુ વેદાન્તિક ફિલસૂફીનું શિક્ષણ દર્શનોમાં, ભગવદ્‌ગીતામાં અને અન્ય શાસ્ત્રોમાં આપવામાં આવ્યું છે.

વેદાન્તનો મુખ્ય સિદ્ધાંત આ છે કે ઈશ્વર કે બ્રહ્મ સિવાય બધું જ માયા કે મોહજાળ છે. જો આ સત્ય હોય તો, યોગ, ભક્તિ કે સારાં કૃત્યો દ્વારા ફળપ્રાપ્તિની આશા વ્યર્થ છે, કારણ કે જેણે માયાને ઉત્પન્ન કરી, તે ખુદ તેનો નાશ કરશે. જો આ તેની શક્તિ બહાર હોય તો, ખુદ બ્રહ્મા કરતાં પણ માયા વધારે બળવાન હોવી જોઈએ. કારણ કે માયા તમામ ભૌતિક નિદર્શન

જેઓનું ભૌતિક સ્વરૂપ બ્રહ્મમાં સમાઈ જાય છે તેની ઉપર કાબૂ રાખી શકે. આ ઉપરાંત, વેદાન્તમાં માનનારા પાસે એવી કોઈ સાબિતી છે કે, જેઓ માયાનું શિક્ષણ સ્વીકારે છે, અથવા જેઓ મનન દ્વારા પ્રકાશ મેળવે છે (યોગીઓ), અથવા બ્રહ્મ પોતે જ માયા નથી?

સત્ય આ છે કે માત્ર એક જ સત્ય, સર્વશક્તિમાન અને સનાતન ઈશ્વર છે, જેણે આ સૃષ્ટિ ઉત્પન્ન કરી છે. આ ભૌતિક પૃથ્વી વેદાન્તીઓ અને મિથ્યાવાદીઓ માને છે તેમ માયા કે મોહજાળ નથી, પરંતુ તેનું વાસ્તવિક અસ્તિત્વ છે. સૃજેલી સૃષ્ટિ પોતે પરમેશ્વર નથી, તેમ જ સૃષ્ટિ તેનાથી અલગ નથી. ઈશ્વરની જીવનદાયી હાજરી તમામ પ્રાણીમાં છે, કારણ કે, "તેનામાં આપણે જીવીએ છીએ, હાલીએ છીએ, અને હોઈએ છીએ." (પ્રે. કૃ. ૧૭ : ૨૮).

(ખ) વેદાન્તની ફિલસૂફી એવું શીખવે છે કે, જે પ્રમાણે બરફ પીગળીને પોતાનાં મૂળ તત્ત્વમાં ભળી જાય છે, અને આગળ વહેતાં નદીમાં જોડાઈને સમુદ્રમાં પ્રવેશે છે, તે જ રીતે મનુષ્ય, બરફના જુદા જુદા કણોની માફક, જ્ઞાનના અગ્નિથી પીગળે છે, અને પોતાનું અલગ અસ્તિત્વ ગુમાવીને બ્રહ્મમાં ભળી જાય છે.

જો આપણે આ શિક્ષણનો સ્વીકાર કરીએ, તો આપણે એ પણ સ્વીકારવું પડશે કે, બ્રહ્મ ઉપરાંત બીજી પણ શક્તિ છે. કારણ કે જેમ ઠંડી પાણીને બરફમાં ફેરવે છે, અને બરફના અલગ કણોનું અસ્તિત્વ રહે છે, તેવી રીતે આ શક્તિ જુદાં જુદાં રૂપોમાં અલગ અસ્તિત્વ ચાલુ રાખે છે, અને તેઓને બ્રહ્મમાં ભળી જતાં રોકે છે.

જો આપણે શંકરાચાર્યનો સિદ્ધાંત સ્વીકારીએ કે માયા બ્રહ્મની સર્જનશક્તિ છે, તો મનુષ્યની તમામ પરિસ્થિતિઓની જવાબદારી

બ્રહ્મમાં રહેલી છે, જેણે મનુષ્ય અને અજ્ઞાનતા બંનેનું સર્જન કર્યું. આ રીતે મનુષ્યને તેના પાપ માટે જવાબદાર લેખી શકાય નહિ, કારણ કે અલગ પ્રાણી તરીકે તેનું અલગ અસ્તિત્વ 'અજ્ઞાનતા' ઉપર આધારિત છે, જે તમામ પાપનું મૂળ અને કારણ છે.

કદાચ આ શિક્ષણને આધારે સ્વામી વિવેકાનંદે શિકાગો શહેરમાં મળેલા એક ધાર્મિક સંમેલનમાં કહ્યું કે, "મનુષ્યને પાપી કહેવો તે એક પાપ છે." જો આ સત્ય હોય, તો ભલા અને ભૂંડાં કર્મો વિષેનું વેદો અને શાસ્ત્રોનું શિક્ષણ નકામું છે. જો પાપની વાસ્તવિક્તાનો ઈન્કાર કરવામાં આવે તો મનુષ્ય માટે ભલાઈ અને બૂરાઈ વચ્ચે કોઈ તફાવત રહેતો નથી.

(ગ) જો જ્ઞાન, કર્મ અને ભક્તિ, મોક્ષ પામવા માટે જરૂરી હોય, તો પછી મોક્ષ પ્રાપ્ત કરવામાં શું લાભ છે જેમાં આપણા અસ્તિત્વનો અંત આવે, અને આત્મા પરમેશ્વરમાં મેળવાય જાય? આ તો મોક્ષને બદલે વિનાશ છે! અને જ્યારે આપણે બ્રહ્મમાં ભળી જઈશું ત્યારે આપણે જ્ઞાન પણ ગુમાવીશું. આ રીતે વિચારતાં, 'જ્ઞાન' તે 'જ્ઞાન' રહેતું નથી, પરંતુ સર્વકાળની અજ્ઞાનતા અને વિલીનીકરણ બની રહે છે. જ્યારે આપણે 'અજ્ઞાન' અવસ્થામાં હતા ત્યારે આપણને પોતા સંબંધી થોડું જ્ઞાન તો હતું જ, પરંતુ જ્યારે 'જ્ઞાન' મારફતે આપણને મોક્ષની પ્રાપ્તિ થાય છે, ત્યારે બ્રહ્મમાં મેળવાઈ જતાં અગાઉ જે થોડું જ્ઞાન હતું તે પણ ગુમાવીએ છીએ.

વૃક્ષ પોતાનાં ફળથી ઓળખાતું હોય, તો હું વેદાન્તીઓને એક પ્રશ્ન પૂછવા માગું છું કે, શું આ 'જ્ઞાન'નું ફળ છે કે ભારતમાં જ્યાં 'જ્ઞાન'નું શિક્ષણ આપવામાં આવ્યું, અને જ્યાં તેનો શિક્ષક

ઉત્પન્ન થયો, ત્યાં આ શિક્ષણ હોવા છતાં કરોડોની સંખ્યામાં લોકો સૈકાંઓથી અજ્ઞાન છે?

જો તેઓ એમ કહે કે, એ 'જ્ઞાન' સામાન્ય મનુષ્યો માટે નથી, પરંતુ યોગીઓ અને ઋષિઓ માટે છે, તો તે બધા માટે ન હોવાથી બધા તેનો લાભ ઊઠાવી શકતા નથી. છેવટે, આપણે આ પરિણામ ઉપર પહોંચીએ છીએ કે, જ્ઞાન બધા માટે ન હોવાથી તે વિશ્વવ્યાપી નથી, અને જો તે વિશ્વવ્યાપી નથી તો તે સત્ય નથી, કારણ કે સત્ય બધા જ માટે છે.

(ઘ) આપણે જે જોઈએ છીએ તે બધું ભ્રમ અને સ્વપ્ન છે તે બતાવવા માટે વેદાન્તીઓ ઘણી વાર આ ઉદાહરણ આપે છે. અંધકારમાં દોરડું સાપ જેવું દેખાય છે, પરંતુ પ્રકાશમાં તેની ખરી પ્રકૃતિનું ભાન થાય છે, અને ભ્રમ ભાંગી જાય છે. પરંતુ આનો અર્થ આ નથી કે પૃથ્વીમાં સાપ નથી, કારણ કે પૃથ્વી ઉપર સાપનું અસ્તિત્વ ન હોત, તો જ્યારે આપણે દોરડું જોયું, ત્યારે તે સાપ હોવાનો વિચાર મગજમાં પેદા ન થાત, કારણ કે જે વસ્તુ અસ્તિત્વમાં નથી તેનો વિચાર પણ થઈ શક્તો નથી. આ સંબંધી વધારે કહેવાની અગત્ય નથી. આપણી ચારે બાજુ ઉત્પન્ન થયેલી જે વસ્તુઓ આપણે જોઈએ છીએ તે સ્વપ્ન નથી કે ભ્રમ નથી, પરંતુ વાસ્તવિક્તા છે-સાચી હકીકત છે.

(ચ) શંકરાચાર્ય આમ શીખવે છે, "આ પૃથ્વી યુગ યુગાન્તરોમાં ઉત્પન્ન થાય છે અને બ્રહ્મમાં પાછી મળી જાય છે." આનો અર્થ કે બ્રહ્મે, અજ્ઞાનતા અને દુ:ખમાં રહેવા માટે મનુષ્યની ઉત્પત્તિ કરી. આ બાબત આપણા ન્યાયી ઈશ્વર સંબંધના વિચારો સાથે એવી અસંગત છે કે સ્વામી શરદાનંદને કહેવાની ફરજ પડી

કે, "આ બધું ઈશ્વરનો ખેલ છે." પરંતુ જો આ સત્ય હોય, તો એ બ્રહ્મ પેલા રોમન આતંકવાદીઓ જેવો છે જેઓ હિંસક પશુઓ આગળ મનુષ્યોને ફેંકતા હતા, અને માનવ-દુઃખમાંથી તેઓને મનોરંજન મળતું હતું. આવો વિચાર ઈશ્વરના સ્વભાવ અને ગુણની વિરુદ્ધ છે.

(છ) સત્યનો સિદ્ધાંત આ છે કે આપણે પોતાના જેવો બીજા ઉપર પણ પ્રેમ રાખવો જોઈએ. આ તમામ આનંદ, શાંતિ અને પ્રગતિનો પાયો છે. પરંતુ વેદાન્ત એમ શીખવે છે કે, "જે કંઈ છે તે, બ્રહ્મ સિવાય કંઈ જ નથી." આથી પોતા ઉપરનો પ્રેમ અને બ્રહ્મ તરફનો પ્રેમ એક જ આખી વસ્તુના ભાગરૂપ છે- અને જો બ્રહ્મ પોતે જ પોતાના ઉપર પ્રેમ દાખવે તો તેમાં આશ્ચર્ય કે પ્રશંસાની કોઈ વાત નથી, કારણ કે ઘાતકી અને સ્વાર્થી મનુષ્યો પણ પોતા ઉપર જ પ્રેમ રાખે છે. મીઠાની ખારશ તે મીઠાને પોતા માટે નથી, પરંતુ જે ખાય છે તેને માટે છે, અને પ્રેમીનો પ્રેમ તે પોતા માટે નહિ પરંતુ પોતાની પ્રિયતમા માટે છે- જેથી બંને તેઓના પરસ્પરના પ્રેમને કારણે આનંદિત રહે. ઈશ્વર સાથે નિકટ સંગત શોધવાનો મનુષ્યનો આ જ હેતુ છે કે પોતાના આત્માની આત્મિક આકાંક્ષાઓ પૂરી થાય.

ખ્રિસ્તી ધર્મની અસર અને આધુનિક વિચારધારાનો ભારતના જીવનમાં એટલો પ્રભાવ પડ્યો છે કે કેટલાક વેદાન્તીઓ એમ માનતા થયા છે કે પોતાનું ઈશ્વરમાં સમાઈ જવું તે મોક્ષ નથી, પરંતુ સચેત અવસ્થામાં પરમેશ્વરની સંગતનો અનુભવ કરવો તે જ તારણનો માર્ગ છે.

(જ) રામાનુજ અને તેના અનુયાયીઓ માયાનું શિક્ષણ સ્વીકારતા નથી. તેઓનો મત છે કે સૃષ્ટિ પરમેશ્વર જેટલી જ

વાસ્તવિક છે. જો આપણે આ વિચારધારા બાદ રાખીએ તો, વેદાન્ત ફિલસૂફીને સંક્ષિપ્ત આ પ્રમાણે વર્ણવી શકાય : કોઈપણ પ્રકારનો માનવસંબંધ વાસ્તવિક નથી, પરંતુ માયા છે, આથી એક છોકરો પોતાને તેના બાપના દીકરા તરીકે સમજે છે. પરંતુ યોગ યા 'જ્ઞાન' મારફતે જ્યારે આ ભ્રમમાંથી તે બહાર નીકળે છે અને સંપૂર્ણ જ્ઞાન મેળવે છે ત્યારે તે જાણે છે કે તેને બાપ છે જ નહિ, પરંતુ પોતે જ પોતાનો બાપ છે! જ્યારે 'જ્ઞાન' મળે છે અને ભ્રમ ભાંગે છે ત્યારે પિતા-પુત્રનો સંબંધ અને પરસ્પરની સંગત સદાને માટે નાશ પામે છે.

માયા, બ્રહ્મના શરીરમાં એક પાકેલી ગાંઠ સમાન છે, 'જ્ઞાન' રૂપી ઓપરેશન દ્વારા તેને કાઢવામાં આવે છે, પરંતુ તે ફરીથી થાય છે- એટલે કે સૃષ્ટિના વિનાશમાં તે અંતર્ધાન થાય છે, અને સૃષ્ટિના પુનઃનિર્માણમાં તે ફરી દેખાય છે.

જો આમ હોય તો, તે વેદાન્ત જે સર્વ 'જ્ઞાન'ના અંત સમાન છે, તે ખરી રીતે સમસ્ત જ્ઞાનનો અંત લાવી દે છે! આવા વેદાન્ત શિક્ષણ જેવા ભારે વમળમાં ડૂબકી મારી સૃષ્ટિ અને તેના કર્તા સંબંધી જ્ઞાન મેળવવું વ્યર્થ છે.

## (૨) પુનર્જન્મ અને મુક્તિ

(ક) પોતાની બૌદ્ધિક મુશ્કેલીઓના સમાધાન અર્થે પ્લેટો, મિસરીઓ અને હિંદુઓએ સિદ્ધાંતો સ્થાપિત કર્યા છે, તેમાં ફક્ત પુનર્જન્મની વ્યાખ્યામાં મતભેદ દેખાય છે. હિંદુ ધર્મના શિક્ષણ પ્રમાણે, જો આપણે સ્વીકારીએ કે ચોર્યાસી લાખ અવતાર છે, તો તેથી મુશ્કેલીઓ સમાધાનને બદલે વધે છે. દાખલા તરીકે, એક

કોઢિયાને કે એક જન્મથી અંધ મનુષ્યને લઈએ. જો આગલા જન્મની શિક્ષા તેને મળી રહી હોય, તો કયા પાપની તે શિક્ષા છે તે તેણે જાણવું જોઈએ, નહિ તો આ શિક્ષાનો અર્થ નથી. શિક્ષા કરવાનો હેતુ અપરાધીને ચેતવવાનો છે, જેથી ભવિષ્યમાં તે ઉત્તમ જીવન જીવી શકે. પરંતુ શિક્ષાના કારણ સંબંધી જો તે અજાણ હોય, તો ચેતવણી મેળવ્યાથી જીવન સુધારવાને બદલે તે બડબડાટ કરશે, પોતાને નિર્દોષ ગણશે અને ઈશ્વરનો વાંક કાઢશે. સામાન્ય જીવનમાં કોઈ ગુનેગારને તેનો દોષ જણાવ્યા વગર કોઈ ન્યાયાધીશ શિક્ષા નહિ ફરમાવે. તો પછી ન્યાયાધીશોનો ન્યાયાધીશ કેવી રીતે એક પાપીને તેનાં પાપ જણાવ્યા વગર શિક્ષા કરી શકે ?

જો એમ કહીએ કે ઈશ્વર શિક્ષા કરતો નથી કે ઇનામ આપતો નથી, અને દરેક સારાં કે બૂરાં કર્મો પોતાનો બદલો મેળવે છે, તો પછી મનુષ્યને તેનાં ભલાં-ભૂંડાં કર્મોનો હિસાબ બતાવવામાં આવે, નહિ તો કર્મ એક એવી અંધ ભૌતિક શક્તિ બની જશે, જે કોઈપણ જાતના નિશાન કે હેતુ વગર આડેધડ ગોળીઓ ચલાવે છે.

(ખ) જો આપણે આત્માના પુનર્જન્મના સિદ્ધાંતને જીવનના તમામ કોયડાઓના સાચા ઉકેલ તરીકે વિચારીએ, તો આપણે અનંત છીએ તેવો વિશ્વાસ કરવો પડશે. મોટા ભાગના હિંદુઓ એવો ચોક્કસ મત ધરાવે છે કે પરમેશ્વર, આત્મા અને પદાર્થ અનંત છે. ન્યાયદર્શનમાં આત્મા અનંત નથી એ વાક્યને તર્કનું એક અનુમાન વાક્ય નીચે પ્રમાણે ગણી શકાય :

(૧) જો આત્મા સનાતન હોય, તો કાળચક્રમાં પણ તે

સનાતન છે, આથી તેનું જ્ઞાન અને શક્તિ પરમેશ્વર માફક અનંત, અસીમ છે;

(૨) જો એક ગુણમાં તે અસીમ, અપરિમિત હોય, તો બીજા ગુણોમાં પણ તે અપરિમિત હોવો જોઈએ.

(૩) આવું વિચારવું અશક્ય અને અસંભવિત છે કે તેનો એક ગુણ અપરિમિત અને બીજો પરિમિત છે.

(૪) અનુભવથી આપણે જાણીએ છીએ કે મનુષ્યના ગુણ પરિમિત છે;

(૫) આ કારણોથી આત્માનો કાળ પણ પરિમિત છે.

જો આત્મા ખરેખર સનાતન હોય, અને આદિ કાળથી અત્યાર સુધી તે માયા, ભ્રમ યા પુનર્જન્મમાંથી મુક્તિ યા સ્વતંત્રતા પ્રાપ્ત કરી શક્તો નથી, તો ભવિષ્યમાં તે મુક્તિ પામશે એવી આશા કેવી રીતે રાખી શકાય? આથી એમ ચોક્કસ જણાય છે કે અનંતકાળ સુધી આત્માનો ઉદ્ધાર થશે નહિ.

(ગ) પાપી જીવન જીવનારા મનુષ્યો પુનર્જન્મ માટે પૃથ્વી ઉપર આવે છે ત્યારે, તેઓ હલકી ગણાતી કોમમાં, કે પશુના રૂપમાં યા કીડી-મકોડી કે છોડના રૂપમાં જન્મ ધારણ કરે છે.

પૃથ્વી ઉપરના પ્રત્યેક અસ્તિત્વને અંતે આત્માનું શું થાય છે તે વિષે ત્રણ મંતવ્યો રજૂ થાય છે :

(૧) કર્મમાર્ગ સ્વીકાર કરનાર લોકોનો આ મત છે કે, આત્મા કાં તો દેવતાઓના સ્વર્ગમાં ચાલી જાય છે અથવા પિતૃલોક (ચંદ્ર)માં જાય છે, જે પિતૃઓનું સ્વર્ગ છે, અને જ્યાં સુધી પોતાનાં સુકર્મોનાં ફળ ભોગવી લેતો નથી ત્યાં સુધી ત્યાં રહે છે, અને

ત્યાર બાદ પૃથ્વી ઉપર આવી પુનર્જન્મના ચંદ્રમાં ઘૂમતો રહે છે. (ભગવદ્‌ગીતા ૯ : ૨૧).

(૨) જે લોકો ભક્તિમાર્ગનો સ્વીકાર કરે છે, તેઓનો મત હોય છે કે પુનર્જન્મનું ચક્ર તેને માટે ફરજિયાત છે, પરંતુ ઈશ્વરની પૂર્ણ ભક્તિ અને પ્રેમથી તે તેમાંથી છુટકારો મેળવે છે કે ઈશ્વરમાં ભળી જાય છે.

(૩) જેઓ જ્ઞાનનો માર્ગ સ્વીકારે છે તેઓ માને છે કે પૃથ્વી ઉપર આત્મા, જ્ઞાન-પ્રાપ્તિથી પ્રકાશિત બની, બ્રહ્મના સ્વર્ગમાં પહોંચે છે, અને તે સનાતન આત્મા બ્રહ્મમાં લીન બની, એ જ વ્યક્તિત્વના રૂપમાં ફરીથી પૃથ્વી ઉપર જન્મ લેતો નથી.

જો કોઈ કેદીને એમ કહેવામાં આવે કે, તેનાં અમુક ભલાં કાર્યોને લઈને, તેને રાજા બનાવવામાં આવે છે, અને ત્યાર બાદ ફરીથી તેણે કેદી તરીકે રહેવું પડશે, તો રાજા બનવાના સમયમાં તે કેવી રીતે પ્રસન્ન રહી શકે, કારણ કે કેદી તરીકે યાતના ભોગવવાના વિચારો હરેક સમયે તેના સ્મરણમાં આવતા રહે છે. આ જ રીતે આપણને પ્રશ્ન થાય કે, આત્માઓને દેવતાઓના સ્વર્ગમાં કામચલાઉ વસવાટ મળવાથી કેવી રીતે આનંદ થાય, જ્યારે પૃથ્વી ઉપર ફરીથી પાછા ફરીને કષ્ટ ભોગવવાનો વિચાર નિરંતર તેની સન્મુખ ઉપસ્થિત હોય છે!

જો કોઈ મનુષ્ય પોતાની શુદ્ધતા કે પવિત્રતાને કારણે દેવતાઓના સ્વર્ગમાં પ્રવેશ કરવાનો અધિકાર પ્રાપ્ત કરે, તો કઈ શક્તિ તેનાં તમામ ભલાં કાર્યો ધોઈ નાખીને, તેને ફરીથી સ્વર્ગમાં બહાર ધકેલી શકે? જો સ્વર્ગના પ્રવેશ માટે તે સંપૂર્ણ અને પવિત્ર હોય તો તેણે જે કંઈ સખત મહેનત, પરિશ્રમ અને દુઃખથી મેળવ્યું

છે, તે કઈ રીતે ધૂળમાં ભળી જાય, અને તે સ્વર્ગની બહાર ધકેલાઈ જાય? અથવા, શું આ પવિત્ર સ્થાને પહોંચ્યા બાદ, તે પાપ કરશે જે તેને પૃથ્વી ઉપર પાછા ફરવાની ફરજ પાડશે?

પૃથ્વી ઉપરના પોતાના સંક્ષિપ્ત જીવનકાળમાં, જ્યારે તે આવી સારી પ્રગતિ કરી શક્યો, જેથી તે સ્વર્ગમાં પ્રવેશ પામી શક્યો ત્યારે શું દેવતાઓની સંગતમાં સતત જીવવાથી પૃથ્વી ઉપર પાછા ફરવાને બદલે પવિત્રાઈમાં વધુ આગળ વધવું શું તેને માટે સરળ ન બને?

પોતાના પૃથ્વી ઉપરનાં ટૂંકા આયુષ્ય દરમિયાન કરેલા પ્રયત્નો મારફતે, જ્યારે તે ચારિત્ર અને જીવનની ભલાઈ મેળવી શક્યો છે, ત્યારે સ્વર્ગના સંપૂર્ણ વાતાવરણ અને પવિત્ર સંગતમાં, શું તે કાયમને માટે સંપૂર્ણ ન રહી શકે? કારણ કે પૃથ્વી ઉપરની મુશ્કેલીઓ અને દુષ્ટ અસરો કરતાં સ્વર્ગમાં સંપૂર્ણતામાં ટકી રહેવું તેને માટે સરળ હશે. જો આ શક્ય નથી, તો સ્વર્ગ અને અનંતજીવનને બદલે ત્યાંનું જીવન ફક્ત નર્ક અને છેતરપિંડી હશે.

અનંતજીવન પામવું એટલે જન્મ, મૃત્યુ અને પુનર્જન્મના ફેરામાંથી છુટકારો (મોક્ષ) પામી બ્રહ્મમાં ભળી જવું. સ્પષ્ટતા તરીકે, એક વ્યક્તિ, અથાગ પરિશ્રમ અને પરસેવો પાડીને પૈસો મેળવે છે, પરંતુ જ્યારે તેની મહત્ત્વાકાંક્ષા પૂરી થાય છે, અને પૈસા મારફતે ખરીદાતો ભોગવિલાસ મેળવવાની તે તૈયારી કરે છે, ત્યારે તેનો પૈસો ચોરાઈ જાય છે અને તેનું ખૂન થાય છે. આને તમે શું કહેશો, મોક્ષ કે વિનાશ?

શ્રી બોઝના શબ્દો કેટલા સત્ય છે કે, "હિંદુ તત્ત્વજ્ઞાન મનુષ્યના દુઃખસંતાપની ઓળખથી શરૂ થાય છે, અને તેનો યોગ્ય

ઈલાજ કરવાની શોધમાં વ્યર્થ ભટકે છે, અને અંતે ધ્યેયના રૂપમાં વિનાશ સુધી પહોંચે છે જ્યાં માનવ-દુર્ગતિ જીવનનો લોપ થઈ જવામાં પરિણમે છે.''

## (૩) ભગવદ્ગીતા અને શ્રીકૃષ્ણ

(ક) ભગવદ્ગીતાની પ્રારંભિક કથામાં કહેવામાં આવ્યું છે કે, જ્યારે કુરુક્ષેત્રના યુદ્ધસ્થળે અર્જુને પોતાના સંબંધીઓ અને પ્રિયજનોને પોતાની વિરુદ્ધ યુદ્ધની તૈયારીમાં સુસજ્જ જોયા, ત્યારે તેણે સામે લડવાનો ઈન્કાર કરતાં કહ્યું, ''મને રાજ્યનો, ધનનો કે માનનો લોભ નથી. હું મારા પોતાના લોકોનો સંહાર કરી પાપી ગણાઉં તેને બદલે તેઓના હાથે મારું મૃત્યુ થાય, તે મારે માટે અતિ ઉત્તમ છે.''

પરંતુ શ્રીકૃષ્ણે તેને યુદ્ધ માટે પ્રોત્સાહિત કરતાં કહ્યું, ''શોક ન કર. આત્મા મરતો નથી, કે તેની હત્યા થતી નથી, કે તેને ભસ્મ કરાતો નથી.'' આ પંક્તિઓનો ભાવ જોતાં, શું એમ નથી લાગતું કે અર્જુન, શ્રીકૃષ્ણ કરતાં વધારે પ્રેમ અને સહાનુભૂતિ બતાવે છે?

કદાચ કોઈ કહેશે કે શ્રીકૃષ્ણે જુલ્મ અને અન્યાય હઠાવવા અને સત્ય અને ન્યાયની સ્થાપના કરવા અર્જુનને લડવા માટે પ્રોત્સાહન આપ્યું. આ માટે બે જવાબ આપી શકાયઃ

પ્રથમ, આ કે ધનુષ, બાણ અને તરવાર કરતાં પ્રેમનાં હથિયારો વધારે અસરકારક છે, બીજો જવાબ, જો આ બધું ભ્રમ હોય, તો જેણે તે ઉત્પન્ન કર્યું તે મિટાવી પણ શક્ત, અને યુદ્ધ સિવાય પણ વાસ્તવિક્તા પ્રકાશમાં આણી શકત. ખાસ કરીને

શ્રીકૃષ્ણ જેવા અવતાર માટે તો અર્જુનને યુદ્ધ અને હત્યા કરવાથી રોકવો આવશ્યક હતું, કારણ કે "બધું જ એક બ્રહ્મ છે," અને પોતે પોતાની વિરુદ્ધ યુદ્ધ કરવું શક્ય નથી.

(ખ) કેટલાક લોક શ્રીકૃષ્ણ અને પ્રભુ ઈસુ ખ્રિસ્તને એક જ વ્યક્તિ, અથવા એકબીજાની સમાન વ્યક્તિ ગણે છે, પરંતુ જ્યારે આપણે તેઓનાં જીવન અને શિક્ષણનો ગંભીરતાથી વિચાર કરીએ છીએ, ત્યારે તેઓમાં બહુ જ મોટો તફાવત જોવા મળે છે. શ્રીકૃષ્ણે અર્જુનને લડવા અને હત્યા કરવા ઉત્તેજન આપ્યું, પરંતુ પ્રભુ ઈસુ ખ્રિસ્તે પોતાના શિષ્યોને શીખવ્યું કે, "તમે તમારા વૈરીઓ ઉપર પ્રીતિ કરો ને જેઓ તમારી પૂઠે લાગે છે તેઓને સારુ પ્રાર્થના કરો." જ્યારે ઉતાવળા સ્વભાવના પિતરે પ્રમુખયાજકના ચાકર માલ્ખસનો કાન કાપી નાખ્યો, ત્યારે પ્રભુ ઈસુએ તેના કાનને સ્પર્શ કરીને સારો કર્યો. (લૂક ૨૨ : ૫૦; યોહાન ૧૮ : ૧૦). પોતાના જીવન મારફતે પ્રભુ ઈસુએ પ્રેમ અને અહિંસાનો પ્રત્યક્ષ અને ઉત્તમ નમૂનો આપ્યો. આ બાબતો પ્રભુ ઈસુના ગિરિપ્રવચન અને બીજા ઉપદેશોમાં જોવામાં આવે છે.

(ગ) શ્રીકૃષ્ણે કહ્યું, "ધર્મની રક્ષા કરવા અને પાપીઓનો નાશ કરવા, દરેક યુગમાં હું જન્મ લઉં છું." (ભગવદ્‌ગીતા ૪ : ૮). બીજી તરફ પ્રભુ ઈસુએ કહ્યું, "હું પાપીઓને બચાવવા આવ્યો છું." (માથ્થી ૯ : ૧૩; લૂક ૧૯ : ૧૦). ભલા અને ધર્મી લોકો, જેઓએ પોતાનાં ભલા કર્મોથી મુક્તિ પ્રાપ્ત કરી લીધી હોય, તેઓને બચાવવાની શી જરૂર છે? પરંતુ પાપીઓને ઉગારવાની ખાસ જરૂર હતી, કારણ કે તમામ માનવજાત પાપી છે.

આ કારણથી, અનંતજીવન માટે શ્રીકૃષ્ણ તરફ જોવું વ્યર્થ

છે, કારણ કે તેણે પોતે કહ્યું છે કે, તે પૃથ્વી ઉપર પાપીઓને બચાવવા માટે નહિ, પરંતુ નાશ કરવા જન્મ લે છે. આ બતાવે છે કે, અનંતજીવન માટે પ્રભુ ઈસુ ખ્રિસ્તની જરૂર છે, જે પૃથ્વી ઉપર પાપીઓને તારવા માટે આવ્યો. (૧ તિમોથી ૧ : ૧૫).

(ઘ) ભગવદ્‌ગીતામાં સાંખ્ય, યોગ તથા વેદાન્તના તત્ત્વજ્ઞાનને ભક્તિના સિદ્ધાંત સાથે જોડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે, અને તેનો પુરાવો આ છે કે, સંત યોહાનની સુવાર્તામાં વારંવાર તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, દાખલા તરીકે, આ શબ્દોઃ "તમે મારામાં છો, અને હું તમારામાં છું." યોહાનની સુવાર્તા (યોહાન ૧૪ : ૨૦) અને ગીતામાં (ગીતા ૯ : ૨૯) જોવામાં આવે છે.

તપસ્વી અને ભક્તોમાં યોગીઓને વિશેષ સન્માનવામાં આવે છે. પરંતુ યોગની આ ત્રુટી છે કે જ્યારે સમાધિમાં યોગી શ્વાસ રોકીને નાક તરફ દષ્ટિ રાખીને આસન જમાવી બેસે છે (ગીતા ૬ : ૧૩), ત્યારે તે વારંવાર જાણે કે બેભાન અવસ્થામાં પડે છે, જેમાં તેને દુનિયા ઊલટી દેખાય છે, જેમાં સત્યની શોધને બદલે, તેને છેતરાવાનો ભય હોય છે. નાકના ટેરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે, ઈશ્વર ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું શું તેને માટે ઉત્તમ નથી?

(ચ) યુરોપમાં આ પ્રશ્ન વારંવાર મને પૂછવામાં આવતો કે જો તેમની જરૂરિયાતો માટે યોગ્ય નહિ હોય તો, કેવી રીતે સૈકાંઓથી હિંદુ ધર્મનું ભારતવાસીઓ ઉપર પ્રભુત્વ ચાલુ રહ્યું છે? આ માટે બે કારણો છે : પ્રથમ, આ છે કે, જેઓ શિક્ષિત અને બૌદ્ધિક વર્ગના છે તેઓને હિંદુ ધર્મના વેદાન્ત જેવા તત્ત્વજ્ઞાનમાંથી સંતોષ મળ્યો છે, અને તેઓ તેમાં એવા સપડાઈ ગયા છે કે, તેઓ

તેની બહાર દષ્ટિ કરી શકતા નથી, અને બીજું, આ કે, જાતિવાદની જંજીરોએ ધાર્મિક સ્વતંત્રતાને એવી જકડી લીધી છે કે, મોટા ભાગના હિંદુઓ તેને તોડવાને અસમર્થ છે.

પરંતુ આધુનિક યુગમાં અનેક સુધારાઓ અને પરિવર્તન દષ્ટિગોચર થાય છે, કારણ કે ભારતીયો અન્ય દેશોના લોકો અને તેઓના તત્ત્વજ્ઞાન સાથે સંપર્કમાં આવે છે, અને ખાસ કરીને તેઓમાં ખ્રિસ્તી સુવાર્તાની ધાર્મિક અને નૈતિક અસર પડે છે. ભારતમાં હિંદુ ધર્મનું શું ભાવિ હશે તે કેવળ ઈશ્વર એકલો જ જાણે છે. આ સંભવિત છે કે, ભારતની વધતી જતી આવશ્યક્તાઓ પૂરી કરવા તે અસફળ રહેવાને કારણે, એ ધર્મ પણ બૌદ્ધ ધર્મ માફક ધીમે ધીમે લોપ થઈ જશે. ★

# ૩
# બૌદ્ધ ધર્મ

બૌદ્ધ ધર્મના સ્થાપક શાક્યમુનિ ગૌતમ હતા. બચપણમાં તેઓ સિદ્ધાર્થના નામે ઓળખાતા હતા, પરંતુ 'પ્રકાશ' પ્રાપ્ત કર્યા બાદ તેઓ બુદ્ધ નામે ઓળખાવા લાગ્યા. સિદ્ધાર્થનો જન્મ ઈ. સ. પૂર્વે છઠ્ઠી સદીમાં થયો હતો. તેઓ નેપાળ પાસે હિમાલયની તળેટીમાં આવેલા રાજ્યના શુદ્ધોદન રાજાના પુત્ર હતા.

ઓગણત્રીસ વર્ષની ઉંમરે તેમણે સંસારનો ત્યાગ કર્યો, અને છ વર્ષ સુધી ગયામાં બોધિ વૃક્ષની નીચે પોતાનો સમય તપ અને ધ્યાનમાં વ્યતીત કર્યો. ત્યાં 'પ્રકાશ' મેળવ્યા બાદ, તેઓએ પોતાની રીતે ધર્મનો પ્રચાર કરવાનું શરૂ કર્યું, અને, પિસ્તાળીસ વર્ષ સુધી ધાર્મિક શિક્ષણ આપ્યા બાદ, એંશી વર્ષની ઉંમરે પ્રાણ છોડ્યો.

બૌદ્ધ ધર્મ ખરી રીતે ધર્મ કહી શકાય નહિ, કારણ કે તેમાં પરમેશ્વર, જે બધા ધર્મનો પાયો તથા પ્રાણ છે તે સંબંધી કંઈ કહેવામાં આવ્યું નથી. તેમાં નૈતિકતા અને અજ્ઞેયવાદનું મિશ્રણ જોવામાં આવે છે, હિંદુધર્મનો પ્રભાવ પણ તેમના શિક્ષણમાં અમુક અંશે પડેલો દેખાય છે. આ પ્રમાણે આપણે તેમાં પુનર્જન્મનો સિદ્ધાંત અને કર્મના પ્રતિફળ તેમ જ મુક્તિનો સિદ્ધાંત અને બ્રહ્મમાં વિલીનીકરણ (નિર્વાણ)ને બીજા રૂપમાં જોઈએ છીએ. પરંતુ હિંદુ ધર્મની માફક, તેમાં પરસ્પર વિરોધી કે પ્રતિકૂળ સિદ્ધાંતો નથી. તેમાં ત્રણ સનાતન વાસ્તવિક્તાઓ અસ્તિત્વ ધરાવે છે. આત્મા,

પદાર્થ અને બ્રહ્મ, અથવા ઈશ્વર સગુણ અને નિર્ગુણ બંને છે.

## (૧) ગૌતમ બુદ્ધનો ત્યાગ અને શિક્ષણ

(ક) ઓગણત્રીસ વર્ષની વયે સિદ્ધાર્થને ત્યાં એક પુત્રનો જન્મ થયો, જેનાથી પિતાને પુષ્કળ આનંદ થયો. તેણે પુત્રને એક રથમાં બેસાડીને બહાર ફરવા મોકલ્યો, જેથી તેનો આનંદ બધે પ્રદર્શિત થાય. રથમાં ફરતાં ફરતાં રસ્તામાં તેમણે એક અત્યંત વૃદ્ધને જોયો, ત્યાર બાદ એક રોગી મનુષ્યને, અને છેલ્લે એક શબને જોયાં. આ વિચારથી તેઓ ઘણા ખિન્ન થયા કે, એક દિવસ વહેલાં કે મોડા, પણ બધાને આ સ્થિતિમાં પસાર થવાનું છે. આગળ જતાં તેમણે એક ફકીરને એક ઝાડ નીચે બેઠેલો જોયો. રથના સારથિએ કહ્યું કે, આ ફકીરે દુનિયામાં દુઃખ અને પીડા સિવાય બીજું કંઈ ન અનુભવ્યું, આથી તેણે સંસારનો ત્યાગ કર્યો. આ દશ્યથી સિદ્ધાર્થના મગજ ઉપર ઘેરી અસર થઈ, અને, આ બધાનો વિચાર કરતાં, તેમને લાગ્યું કે તેમણે પણ સંસારનો ત્યાગ કરવો જોઈએ. તે રાત્રે તેઓ પિતાના રાજ્યની હદ સુધી હંકારી ગયા, અને પોતાનો રાજવી પોશાક ઉતારીને રથના સારથિ સાથે ઘેર મોકલી આપ્યો. પછી, પગે ચાલતાં અને સાધુનાં ભગવાં કપડાં પહેરી, **ગયા** તરફ પ્રયાણ શરૂ કર્યું.

ગયા પહોંચ્યા બાદ તેમણે યોગ શીખવાનો આરંભ કર્યો, અને છ વર્ષ સુધી તે ચાલુ રાખ્યું. આ કઠોર અભ્યાસથી તેઓ દુર્બળ અને બેભાન બન્યા, જ્યારે તેમને ભાન આવ્યું ત્યારે હૃદયમાં 'પ્રકાશ' થયો કે, તપસ્યાથી કોઈ લાભ થતો નથી, અને સાંસરિક આનંદ તથા વિલાસથી કંઈ પ્રાપ્ત થતું નથી, તેને માટે મનુષ્યે **મધ્યમ-માર્ગ** અપનાવવો જોઈએ.

(ખ) આ પ્રકારનો પ્રકાશ મેળવ્યા બાદ, તેઓ બનારસ ગયા અને પોતાના સિદ્ધાંતોનો ઉપદેશ શરૂ કર્યો. રસ્તામાં તેમણે એક નગ્ન ફકીરને જોયો, જેનું નામ ઉપાક્ય હતું. તેણે બુદ્ધને પૂછ્યું, "મિત્ર, તું કોણ છે?" બુદ્ધે જવાબ આપ્યો, "મેં તમામ બાબતો ઉપર વિજય પ્રાપ્ત કરી લીધો છે. સમસ્ત જ્ઞાન અને બુદ્ધિમત્તા મારાં છે, મારો કોઈ ગુરુ નથી.* ઈશ્વર અને માનવની દુનિયામાં મારા જેવો કોઈ જડશે નહિ. મારો કોઈ હરીફ નથી. મેં નિર્વાણ પ્રાપ્ત કર્યું છે."

(ગ) બુદ્ધ ઉપર જો ભારતના ધર્મ અને વાતાવરણની અસર પડી હોત, તો તેઓ માત્ર એક બૌદ્ધિક ફિલસૂફ રહ્યા હોત, પરંતુ ચારે તરફના ધર્મોની અસર પડવાથી તેઓ એક નૈતિક શિક્ષક બની ગયા. જો કે તેઓ જ્ઞાની પુરુષ હતા છતાં પોતાના શુદ્ધ વિચારોથી તેઓ ઈશ્વરના અસ્તિત્વનું અનુમાન પણ ન કરી શક્યા. પોતે ઈશ્વરનો સ્વીકાર કરી શક્યા નહિ, અને બીજાઓને ઈશ્વર સંબંધીનું શિક્ષણ આપી શક્યા નહિ. આમ છતાં ઈશ્વર તરફથી મળતા આંતરિક સ્વભાવ અને અંતઃકરણને કારણે તેમણે નૈતિક શિક્ષણ આપ્યું. જેવી રીતે અન્ય સાધુ-સંતો જેઓ પોતાની બૌદ્ધિક શક્તિ દ્વારા સંસારની સમસ્યાઓનો ઉકેલ લાવવા ઇચ્છા ધરાવતા હતા અને પોતે સરજેલી પદ્ધતિઓમાં નિષ્ફળ નીવડ્યા, તે જ રીતે બુદ્ધને પણ કેટલાક નૈતિક વિચારો અને તત્ત્વજ્ઞાન

---

* હું માનું છું કે, તેઓ શરૂઆતમાં ફકીર પાસે ન ગયા તેનું કારણ આ હોવું જોઈએ કે, કોઈ તેમને ફકીરનો શિષ્ય માની લે. મારો મત આ છે કે, જો બુદ્ધે આ ફકીર સાથે વાર્તાલાપ કર્યો હોત, તો આટલાં વર્ષોની કઠોર તપશ્ચર્યા અને અજ્ઞેયવાદથી તેઓ બચી ગયા હોત, અને કદાચ ઈશ્વરની ભક્તિમાં પાછા ફર્યા હોત.

સિવાય, તપસ્યા અને ધ્યાન દ્વારા કંઈ પ્રાપ્ત ન થયું. આથી જે લોકો સત્યની વાસ્તવિક શોધમાં છે તેઓએ માનવે બતાવેલા નિયમો અને સિદ્ધાંતોને બદલે, નમ્રતાથી પોતાનું હૃદય ઈશ્વર સમક્ષ ખુલ્લું કરવું જોઈએ, કારણ કે કેવળ પ્રાર્થના દ્વારા જ મનુષ્ય ઈશ્વરને પ્રાપ્ત કરી શકે, અને પોતાની ઊંડી આત્મિક ઝંખનાઓ પૂરી કરી શકે.

(ઘ) બૌદ્ધ ધર્મના ગ્રંથો, જેમાં ખાસ કરીને ત્રિપિટક, જે સૌથી પવિત્ર માનવામાં આવે છે, તેમાં એવું શિક્ષણ આપવામાં આવ્યું છે કે, વ્યક્તિ અને આત્માનું અસ્તિત્વ અનંત નથી. તેની સરખામણી એક નદી સાથે કરી શકાય, જેના પાણીનાં ટીપાંઓમાં હંમેશાં પરિવર્તન થયા કરે છે, અથવા તેને અગ્નિ સાથે પણ સરખાવી શકાય, જે લાકડાના બળવાથી ઉત્પન્ન થાય છે. આ જ પ્રમાણે આત્મા, તત્ત્વોના મિશ્રણથી ઉત્પન્ન થાય છે અને પછી અગ્નિ માફક ઓલવાઈ જાય છે. અસ્તિત્વ એ એક સ્વપ્ન વગરની સતત ઊંઘ છે. કેટલીક હલચલ આત્માને જાગૃત કરે છે, અને તેને જીવન પ્રાપ્ત થાય છે, પરંતુ તે અલ્પકાલિક હોય છે.

સૃષ્ટિમાં પ્રેરણાનો એક વ્યાપક નિયમ છે, જે સદા ગતિશીલ રહે છે, જેને કારણે બધું ઉત્પન્ન થાય છે, અને ફરીથી અદશ્ય બની જાય છે.

બૌદ્ધધર્મમાં આ પ્રાકૃતિક નિયમ પોતે જ ઈશ્વરનું સ્થાન લે છે, અને તેની બહાર બીજી કોઈ દૈવી શક્તિનું અસ્તિત્વ નથી.

બૌદ્ધ ધર્મ પાળનારા પ્રાર્થના કરતા નથી અને તેના અર્થ કે લાભથી અજાણ છે. એક જાણીતા બૌદ્ધધર્મના પ્રચારકે શિકાગો ખાતે મળેલ ધાર્મિક સંમેલનમાં કહ્યું, "બૌદ્ધધર્મ પાળનારાઓ કોઈ

દેવ કે દેવો તરફ જોતા નથી, અને તેમના તરફથી કોઈ સહાયતાની આશા રાખતા નથી. પ્રાર્થના કરવી વ્યર્થ છે, કારણ કે જેની અગત્ય છે તે ફક્ત પ્રયત્ન છે. પ્રાર્થનામાં વપરાતો સમય બરબાદ થાય છે."

(ચ) બુદ્ધ, દયાળુ પ્રકૃતિના મનુષ્ય હતા, અને આથી તેમણે પોતાના શિક્ષણમાં કહ્યું કે, તમામ મનુષ્યો, પ્રાણીઓ અને સજીવો તરફ પ્રેમથી વર્તવું. તેમના નૈતિક શિક્ષણનું આપણી પાસે એક ઉદાહરણ છેઃ

એક વાર તેમના પુત્ર રાહુલે પૂછ્યું, "ભલાઈ અને બૂરાઈ, તથા સદાચાર અને દુરાચાર શું છે?" બુદ્ધે જવાબ આપ્યો, "બૂરાઈ તથા દુરાચાર એ છે જે તમને તથા બીજાઓને નુકસાન પહોંચાડે છે. અને આવું કદી કરશો નહિ. ભલાઈ અને સદાચાર આ છે જે તમને અને બીજાઓને લાભદાયક છે, આજ તમે કરો."

(છ) હવે સ્વાભાવિક રીતે આ પ્રશ્ન ઊઠે છે કે, જ્યારે બૌદ્ધ ધર્મમાં પરમેશ્વરનું સ્થાન નથી અને ભાવિ માટે કોઈ આશા કે આનંદ નથી, તો પછી એ ધર્મની આટલી ઉન્નતિ ભારતમાં કઈ રીતે થઈ હતી?

(૧) પોતાના રાજ્ય અને વિલાસી જીવનના ત્યાગથી લોકો ઘણા પ્રભાવિત થયા હતા. દાખલા તરીકે, કાશ્મિરના તક્ષશિલા (જે અત્યારે પંજાબમાં છે)ના રાજા પુક્કુસાથી, જેમણે બુદ્ધને કદી જોયા ન હતા, પરંતુ બિંબિસાર રાજાના મુખથી તેમના વિષે સાંભળીને, એટલા પ્રભાવિત થયા હતા કે તેઓએ બુદ્ધનું અનુકરણ કરીને પોતાનું રાજ્ય છોડીને ભિક્ષુક બની ગયા.

(૨) એ જમાનામાં, ઘણા પાસે ઊંડું ધાર્મિક તત્ત્વજ્ઞાન ન હતું, અને આથી તેઓને બુદ્ધના શિક્ષણથી થોડું સાંત્વન મળ્યું, અને તેના અનુયાયી બન્યા.

(૩) બુદ્ધનું શિક્ષણ જ્ઞાતિભેદ, મૂર્તિપૂજા અને બ્રાહ્મણોના પ્રભુત્વ વિરોધનું હતું. ખાસ કરીને જેઓ બ્રાહ્મણોના પ્રભુત્વથી છુટકારો પામવા ઇચ્છતા હતા તેવા ઘણાને તેનું આકર્ષણ થયું.

(૪) મહાન સમ્રાટ અશોકે બૌદ્ધ ધર્મનો ફેલાવો કરવા ઘણા પ્રયાસ કર્યા, અને તેમાં તેઓ સફળ થયા.

આમ છતાં, બૌદ્ધ ધર્મના અજ્ઞેયવાદના સિદ્ધાંતો કાયમના માટે ભારતના લોકોમાં ઊંડે જડ ન જમાવી શક્યા, અને ધીમે ધીમે તેની પકડ ઢીલી પડી, અને આજે બુદ્ધના કેટલાક પ્રશંસકો સિવાય બીજાઓ માટે એક જીવંત ધર્મ તરીકે, જ્યાં તેની શરૂઆત થઈ તે જ દેશમાં તેનું અસ્તિત્વ મટી ગયું.

કેટલાંક વર્ષો અગાઉ એક બૌદ્ધ લેખકે એવો વિચાર દર્શાવ્યો હતો કે, બૌદ્ધના પતનની શરૂઆત મહંમદ ગીઝનીના ભારત ઉપરના આક્રમણથી થઈ હતી. આ મત ખરું જોતાં ભ્રામક છે, કારણ કે જો એવું હોત તો, બૌદ્ધ ધર્મ સાથે હિંદુધર્મનો નાશ કેમ ન થયો? શું મુસ્લિમો તમામ મૂર્તિપૂજકોના દુશ્મન ન હતા?

## (૨) નિર્વાણ

(ક) નિર્વાણ શબ્દનો પ્રયોગ બૌદ્ધ ધર્મમાં મુક્તિ માટે વપરાય છે, તેનો અર્થ તમામ ઇચ્છાઓનો નાશ કરવો એવો થાય છે. તમામ દુઃખ અને પીડાનું મૂળ ઇચ્છા છે, અને જો ઇચ્છાને

હૃદયમાંથી કાઢી નાંખવામાં આવે, તો દુઃખ અને પીડા પણ તેની સાથે મટી જશે.

જો ફક્ત દુષ્ટ ઇચ્છાઓને મારી નાખવી તેવો જો અર્થ થતો હોય, તો સત્યના ચાહકો તેની સાથે સંમત થાય. પરંતુ તેનો અર્થ તો ભલી-ભૂંડી તમામ ઇચ્છાઓ લોપ કરવાનો થાય છે. સિલોનમાં મને એક બૌદ્ધ નેતાની મુલાકાત થઈ, જેમણે કહ્યું કે, "ભલી ઇચ્છાઓ પણ સ્વાર્થ ઉપર આધારિત છે, કારણ કે જ્યારે આપણે બીજાઓની ભલાઈ કરવાનું વિચારીએ છીએ, ત્યારે જાણે અજાણે, તે ભલાઈ પાછળ મળનાર બદલો પણ આપણા મગજમાં હોય છે. આ પ્રમાણે કોઈ બદલાની આશા અને ઇચ્છાથી મનુષ્યો કોઈપણ દેવનું ભજન કરે છે. આપણા જીવનનો અનુભવ જેમ જેમ વધે છે, તેમ તેમ આપણી ઇચ્છાઓ, ચિંતા અને અસંતોષની માંગણી વધતી જાય છે, અને આથી જ ભલી તેમ જ ભૂંડી ઇચ્છાઓનો નાશ થવો જોઈએ, અને આવી ઇચ્છાઓનું લોપ થવું તે જ નિર્વાણ છે." આ કથનનો મેં જવાબ આપ્યો, "જેવી રીતે ભાવનાઓના અભાવમાં કોઈ જીવી શક્તું નથી, તે જ રીતે કોઈપણ મનુષ્ય માટે ઇચ્છાઓ વગરનું જીવવું અશક્ય છે, અને જો તેઓ આ રીતે જીવે, તો તેઓ નિર્જીવ બને, જ્યાં ભાવનાઓ છે ત્યાં ઇચ્છા પણ ઉત્પન્ન થવાની જ. નિયમપૂર્વકની પ્રત્યેક શારીરિક અને આત્મિક ઇચ્છાઓની સંતૃપ્તિ એ પ્રકૃતિનો નિયમ છે, અને જો એ ઇચ્છા આપણે મારી નાંખીએ તો જે જીવનમાં આ ઇચ્છાઓ રહેલી છે તે જીવનનો સદંતર નાશ કરીએ છીએ. આ રીતે વિચારતાં, ઇચ્છાઓનો નાશ તે મુક્તિનો નહિ, પરંતુ જીવનનો નાશ છે."

(ખ) અનુભવથી જાણીએ છીએ કે કોઈપણ ઇચ્છા હેતુ વગરની હોતી નથી, કારણ કે જેણે આપણામાં ઇચ્છા ઉત્પન્ન કરી છે, તેણે એ ઇચ્છાઓ પૂરી કરવાનાં સાધનો પણ આપ્યાં છે. આ માટે આ સાબિતી છેઃ

દરેક ઇચ્છાને પોતાની માંગ હોય છે, અને એ દેખીતું છે કે ઇચ્છાતૃપ્તિ માટે સાધનો ઉપલબ્ધ છે. જો ઇચ્છા પૂરી કરવાનું સાધન ન હોત તો (દા.ત. તરસ છિપાવવા પાણી), કદાચ આપણે એવા મત ઉપર આવીએ કે 'ઇચ્છા'ને હેતુ નથી, અને આથી તેનો નાશ થવો જોઈએ. કોઈ મનુષ્યને પીડા ભોગવવાની 'ઇચ્છા' હોતી નથી, પરંતુ એથી દૂર રહેવા ઇચ્છે છે. (જો તે પીડા ભોગવવા તૈયાર હોય, તો તેમાંથી કોઈ બદલો કે સારું પરિણામ જોવાની 'ઇચ્છા' રાખે છે.) કોઈ વ્યક્તિ શારીરિક કે આત્મિક અસ્વસ્થતા ઇચ્છે નહિ, કારણ કે સ્વસ્થ રહેવાની 'ઇચ્છા' એક પ્રાકૃતિક નિયમ છે, જેની ગેરહાજરીમાં જીવનની શક્તિ અને સુરક્ષિતપણું અસંભવિત છે.

(ગ) જો ઇચ્છાઓનો લોપ તે જ સંપૂર્ણ મુક્તિ હોય, તો ઇચ્છાઓનો લોપ કરવાની ઇચ્છા તે પોતે જ એક ઇચ્છા છે. આ તો અગ્નિથી અગ્નિ બૂઝાવવો, અથવા પાણીથી પાણી સૂકવવા બરોબર છે. આ પ્રકૃતિની વિરુદ્ધ અને બિલકુલ અસંભવિત છે.

(ઘ) પરમેશ્વરે આપણને શારીરિક અને આત્મિક સૂઝ-સમજશક્તિ આપી છે અને એ જ, દશ્ય અને અદશ્ય વાતાવરણની વસ્તુઓ સાથેના આપણા સંબંધની સાબિતી છે. જો પરમેશ્વરની એવી ઇચ્છા હોત કે આપણે તેણે કરેલ સર્જન અને વાતાવરણ સાથે સંબંધ ન રાખીએ, તો તેણે આપણને શારીરિક

અને આત્મિક વાસ્તવિક્તા સાથેનો સંબંધ અને સૂઝ ન આપ્યાં હોત, પરંતુ એ વસ્તુઓનું અસ્તિત્વ, અને આપણી જુદી જુદી જરૂરિયાતો માટે તેનો ઉપયોગ કરવાની શક્તિ, તે જ પરમેશ્વરની શ્રેષ્ઠ યોજના અને તેનો દૃઢ ઈરાદો અને ઉદ્દેશ પ્રગટ કરે છે.

હવે ઘણું બધું કહેવાઈ ગયું છે. જ્યારે ખુદ પરમેશ્વરની એવી ઈચ્છા છે કે તેની સૃષ્ટિનો હું યોગ્ય રીતે ઉપયોગ કરું, તો પછી તેનો ઉપયોગ ન કરીને, અને ઈચ્છા પૂરી કરવાની ઈચ્છાનો વિનાશ કરીને, શા માટે પાપી ઠરું?

(ચ) આપણી અંદર કોઈ ઈચ્છા ઉત્પન્ન થવી, તે ઈચ્છા પૂરી કરવાના સાધનની હાજરીની, અને યોગ્ય સમયે તે પૂરી થશે તેનું પ્રમાણ છે- સાબિતી છે. ઈમરસને જેમ કહ્યું છે કે, "આત્માની ઝંખના તેની પરિપૂર્ણતાની ભવિષ્યવાણી છે."

અંતમાં, એક વધુ શબ્દ કહેવા માંગું છું. જેમ જેમ આપણે જીવનમાં પ્રગતિ કરીએ તેમ તેમ આપણી વ્યાકુળતા નહિ, પણ આપણી ઈચ્છાઓ વધતી જાય છે, કારણ કે ઈચ્છાઓ ન સંતોષાય તો જ આપણી વ્યાકુળતા વધે છે. પરંતુ જ્યારે આપણે પરમેશ્વર પાસેથી પ્રેરણા પામીને પ્રગતિ કરીએ છીએ, ત્યારે તેની યોજના પ્રમાણે, તે આપણી ઈચ્છાઓ પરિપૂર્ણ કરે છે. આપણે ચાહીએ તેટલી ઉન્નતિ કરીએ, અને આપણી ઈચ્છાઓ ગમે તેટલી વધવા પામે, તો તે સનાતન ઈશ્વર જે પ્રેમ છે, તે આપણી તમામ ઈચ્છાઓ પૂરી કરવા પૂરતો સમર્થ છે. ★

# ૪
# ઈસ્લામ ધર્મ

ઈસ્લામ ધર્મના સ્થાપક હજરત મહંમદ હતા, જેઓનો જન્મ અરબસ્તાનમાં ઈ.સ. ૫૭૦માં થયો હતો. આ ધર્મના પવિત્ર ગ્રંથો કુરાન અને હદીસ છે, પરંતુ હદીસનો બધા મુસલમાનો સ્વીકાર કરતા નથી. આપણે કુરાનને બે ભાગમાં વહેંચી શકીએ. એક ભાગમાં મક્કામાં થયેલ 'પ્રકટીકરણો' અને બીજામાં, મક્કાથી મદીના હિજરત કરી ગયા ત્યાર પછીના. પ્રથમ ભાગમાં ખાસ કરીને વિકાસ પામતી મુસ્લિમ કોમના રાજકીય અને સામાજિક જીવન સંબંધીના પ્રશ્નોના વિષયો આલેખવામાં આવ્યા છે, જ્યારે પ્રથમ અને બીજા બંને ભાગોમાં અને ખાસ કરીને મદીનાવાળા ભાગમાં એવી ઘણી બાબતોનું શિક્ષણ આપવામાં આવ્યું છે જે બાઈબલ, તાલમુદ અને બીજાં પુસ્તકોમાં અગાઉ આપવામાં આવી ગયું હોય.

હજરત મહંમદના સમયમાં અરબસ્તાનમાં ઘણા ખ્રિસ્તી અને યહૂદી લોકો વસતા હતા. પયગંબરના આ સંબંધીઓમાં પણ ઘણા ખ્રિસ્તીઓ હતા જેઓની તેમના ઉપર અસર પડી હોય. બીજું એ કે, તેમની પત્ની ખદીજાના ભાઈ વરકા-બીન-નોફાલ, જેમણે સુવાર્તાઓનો અરબી ભાષામાં અનુવાદ કર્યો હતો, તેઓ સાથે પણ તેમને ઘનિષ્ઠ સંબંધ હતો.

આ ધર્મ સંબંધી વિસ્તારથી કંઈ લખવાનો અર્થ નથી, કારણ કે તેના પોતામાં કોઈ મૂળ વિચાર નથી. યહૂદી અને ખ્રિસ્તી ધર્મ પુસ્તકોમાં જે વિષયો આલેખવામાં આવ્યા છે તે જ વિષયો સંબંધી તેઓએ સ્પષ્ટતા કરી છે. બે કે ત્રણ મુદ્દાઓ તપાસીએ તો તે પૂરતું છે.

હજરત મહંમદ પ્રભુ ઈસુને "પરમેશ્વરનો શબ્દ" યા "પરમેશ્વરનો આત્મા" કહે છે. કુરાનમાં પ્રભુ ઈસુ માટે "રૂહ અલ્લાહ", અથવા પરમેશ્વરનો આત્મા, એવા શબ્દો વાપરવામાં આવ્યા છે, અને પ્રભુ ઈસુનું દૈવીપણું સાબિત કરવા એથી વધુ સારા નામની ઇચ્છા આપણને શું હોય? પરમેશ્વર આત્મા છે, અને પ્રભુ ઈસુ એ આત્માનું પ્રકટીકરણ અને અવતાર છે, આથી પ્રભુ ઈસુ દેવનો પુત્ર છે એનો વિરોધ કરવા કોઈ કારણ નથી, જેવી રીતે શરીરમાંથી શરીર ઉત્પન્ન થાય છે, તેમ આત્મામાંથી આત્મા ઉત્પન્ન થયો. (દેવ આત્મા છે માટે) પરમેશ્વરનો આત્મા મરિયમના ગર્ભમાં પડ્યો, આથી આપણે પ્રભુ ઈસુને પરમેશ્વરનો પુત્ર કે પરમેશ્વરનો આત્મા કહીએ છીએ.

## સૂફી મત

(ક) ઈસ્લામ અને કુરાનના સિદ્ધાંતોથી વિરુદ્ધ ઘણા મુસલમાનો સર્વેશ્વરવાદ અને અગમ્યવાદ મતનો સ્વીકાર કરે છે. હિંદુઓમાં આ મત માનનારાઓ વેદાન્તીઓ છે, જેઓ 'अहंब्रह्म' (હું બ્રહ્મ છું) તેવો મત માને છે. તે જ પ્રમાણે મુસલમાનોમાં જે સૂફી મતવાળા છે તેઓ માને છે કે 'અન-અલ-હક' (હું સત્ય છું), પરંતુ તેઓમાંના ઘણા સત્યના અર્થથી એટલા બધા દૂર છે કે, તેઓ વાસ્તવિક્તાની

મશ્કરી કરે છે, અને સમજશક્તિ અને વિવેકબુદ્ધિને ગળે ટૂંપો દે છે. શેખ ઈબ્રાહિમે ઈર્શાદાતમાં લખ્યું છે કેઃ

'એક ફકીર જુનાયિદના બાગમાં પહોંચ્યો. તેણે શરીર ઉપર કાળો કામળો ઓઢ્યો હતો, જુનાયિદે તેને આ શોકનું કારણ પૂછ્યું. તેણે જવાબ આપ્યો "મારો પરમેશ્વર મરી ગયો છે." જુનાયિદે ગુસ્સે થઈને તેને ત્યાંથી કાઢી મૂક્યો. આવું ત્રણ વાર બન્યું. ચોથી વખતે ફકીરને ખુલાસો પૂછવામાં આવ્યો. ફકીરે જવાબ આપ્યો, "હું જાણતો ન હતો કે મારું દુન્યવી રૂપ (નફ્સ) પરમેશ્વરનું પ્રકટીકરણ હતું, અને મેં તેને મારી નાંખ્યું, આથી હું શોક કરું છું."

(ખ) વેદાન્ત શીખવે છે કે મોક્ષનો અર્થ જ્ઞાન, જે ભ્રમનો નાશ કરે છે તેની મદદથી બ્રહ્મમાં ભળી જવું. બૌદ્ધ ધર્મ માને છે કે મોક્ષ એટલે ઈચ્છાનો ત્યાગ - નિર્વાણ. એ જ પ્રમાણે સૂફીઓ શીખવે છે કે 'ફના-ફિ-અલ્લાહ' ઈશ્વરમાં વિલીન થઈ જવું.

પરંતુ સ્વાર્થ તથા તમામ પાપ જેમાંથી બૂરી ઈચ્છાઓ ઉત્પન્ન થાય છે અને પોતાના અને બીજાઓના આત્માનો નાશ કરે છે તેનો નાશ કરવો, તે જ 'ફના-ફિ-અલ્લાહ' છે, અને નહિ કે પોતાનો નાશ કરવો, જેવું સૂફીઓ માને છે. બીજાઓને નુકસાન પહોંચાડવાને બદલે, પોતામાં રહેલી સ્વાર્થી ઈચ્છાઓનું દમન કરવું, બીજાઓનું સારું અને ફાયદો વિચારવાને બદલે, પરમેશ્વરની ઈચ્છા પ્રમાણે ચાલવું અને પરમેશ્વરની સ્તુતિ અને મહિમા માટે જીવવું, એનો અર્થ આપણા જીવનમાં પરમેશ્વરની ઈચ્છા પૂરી કરવી તે છે. સંસાર અને પાપથી છુટકારો પામવો, અને જીવનમાં

પ્રવેશ કરવો, અને પરમેશ્વરમાં અનંતકાળ સુધી રહેવું તે જ 'બકા-ફિ-અલ્લાહ'- ઈશ્વરમાં જીવવું કહેવાય.'ફના-ફિ-અલ્લાહ'- પરમેશ્વરમાં પોતાનો વિનાશ કરવો તે વાસ્તવિક નથી, પરંતુ 'બકા-ફિ-અલ્લાહ'- ઈશ્વરમાં જીવન જીવવું તે જ ખરું છે, તે જ વાસ્તવિક્તા છે. ★

# ૫
# ખ્રિસ્તી ધર્મ

ખ્રિસ્તી ધર્મ એટલે પ્રભુ ઈસુ ખ્રિસ્ત પોતે જ. જેમણે કહ્યું, "માર્ગ, સત્ય તથા જીવન હું છું" (યોહાન ૧૪ : ૬). અન્ય કોઈ ધર્મ માટે આ પ્રમાણે કહી શકાય નહિ. અન્ય ધર્મોનો પાયો ક્રિયાકાંડો અને શિક્ષણ ઉપર રહેલો છે, પરંતુ ખ્રિસ્તી ધર્મનો પાયો જીવંત પ્રભુ ઈસુ ખ્રિસ્ત ઉપર રચાયેલો છે, જે સદા આપણી સાથે છે. પ્રભુ ઈસુએ પોતાના હાથે લખેલો કોઈ સંદેશો પોતાના શિષ્યોને આપ્યો નથી, કારણ કે તે સદા તેમની સાથે અને તેમનામાં રહે છે, અને તેઓ દ્વારા જ પોતાનાં તમામ કાર્યો કરે છે. કોઈ માનવ ભવિષ્યવેત્તા કે પ્રેરિત એવું કહેવાનું સાહસ ન કરી શકે કે, "જગતના અંત સુધી હું તમારી સાથે છું." કેવળ ઈશ્વર પોતે જ આમ બોલી શકે, અને અમલમાં મૂકી શકે. આપણે જાણીએ છીએ કે, અત્યાર સુધી તે પોતાના લોકો સાથે રહ્યો છે, અને તેઓના દ્વારા જ પોતાનાં તમામ કાર્યો કર્યાં છે. કરી રહ્યા છે, અને ભવિષ્યમાં કરવાનું ચાલુ રાખશે, જેથી જણાય છે કે, "પરમેશ્વર સર્વ વસ્તુઓમાં સર્વ છે."

## (૧) પ્રભુ ઈસુ ખ્રિસ્ત સંબંધી ભવિષ્યવાણીઓ

(ક) ૧૯૦૦ વર્ષ પૂર્વે પ્રભુ ઈસુ ખ્રિસ્તે સંસારની મુક્તિ માટે મનુષ્યનું રૂપ ધર્યું, પરંતુ જગતની ઉત્પત્તિ અગાઉ પણ તેમનું

અસ્તિત્વ હતું જ (યોહાન ૧ : ૧-૧૦, ૮ : ૫૮; ૧૭ : ૫), અને તેમના જન્મની આગાહીઓ જુદા જુદા યુગોમાં, જુદી જુદી વ્યક્તિઓએ કરી હતી. કેટલાક ટીકાકારો વિચારે છે તે પ્રમાણે - તે કોઈ આકસ્મિક ઘટના ન હતી, તમામ ભવિષ્યવાણીઓ પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં અક્ષરશઃ પૂરી થઈ છે. આ કાર્ય તે જ સનાતન આત્માનું છે, જેણે વિભિન્ન યુગોમાં, વિભિન્ન પ્રકારે, તારનારના જન્મની આગાહી કરી હતી, જેથી તેઓ તેને માટે તૈયાર રહે.

જ્યારે કોઈ ઘટના બની હોય અને તેનાં કારણો સંબંધી આપણે અજ્ઞાત હોઈએ, ત્યારે તે ઘટના સમજાવવા 'આસ્કમિક' શબ્દપ્રયોગ વાપરવામાં આવે છે. પરંતુ વાસ્તવિક રીતે પૃથ્વી ઉપર એવું કંઈ જ બનતું નથી જેને માટે કારણ ન હોય. દાખલા તરીકે, એક પાકેલા ફળનું પોતે જ તૂટીને જમીન ઉપર પડવું તે કંઈ આકસ્મિક નથી. એક ખાસ હેતુ માટે મહિનાઓથી શાંત રીતે તે તૈયાર કરી રહ્યું હતું. જ્યારે ફળ પાક્યું, ત્યારે વૃક્ષ પોતે, તે ખાઈ શક્તું ન હોવાથી, બીજાના આનંદ અને ઉપભોગ માટે તે આપી દીધું. આથી પ્રભુ ઈસુએ કહ્યું કે, "મેં આ વાતો તમને કહી હતી કે મૂસાના નિયમશાસ્ત્રમાં તથા પ્રબોધકોનાં પુસ્તકોમાં તથા ગીતશાસ્ત્રમાં મારા સંબંધી જે લખેલું છે તે બધું પૂરું થવું જોઈએ (લૂક ૨૪ : ૪૪), અને, સમયની સંપૂર્ણતાએ, તેમણે જગતને તારણનું ફળ આપ્યું.

(ખ) પ્રભુ ઈસુના અવતાર અગાઉ પ્રબોધકોએ યહૂદીઓને કહ્યું હતું કે, પ્રભુ ઈસુ આવનાર છે, અને જ્યારે યહૂદીઓ પૃથ્વી ઉપરથી આમતેમ જુદી જુદી પ્રજાઓમાં વિખરાઈ ગયા, ત્યારે તેઓએ પણ તારનારના આગમન સંબંધીના સમાચાર ફેલાવ્યા,

અને તે પ્રજાઓએ પણ પોતાના લોકોમાં એ સમાચાર વહેતા કર્યાં, અને આથી જ ઘણા દેશોની પ્રજાઓ તેના આગમનની રાહ જોતી હતી. પ્રભુ ઈસુના આકાશગમન બાદ, જે ખ્રિસ્તીઓ વિખેરાઈ ગયા હતા, તેઓએ પ્રભુ ઈસુ આવી ગયા છે, અને તેમની મારફતે જે તારણ પ્રાપ્ત બન્યું છે તેના સુસમાચાર ફેલાવ્યા. (પ્રે. કૃ. ૮ : ૪). તેના સેવકોની જહેમત અને બલિદાન મારફતે પ્રભુ ઈસુ દ્વારા પ્રાપ્ત થતા તારણની વાત દુનિયાને ખૂણે ખૂણે ફેલાઈ ગઈ.

## (૨) પ્રભુ ઈસુ ખ્રિસ્તનું દુઃખસહન કરવું અને વધસ્તંભે જડાવું

(ક) પ્રભુ ઈસુ ખ્રિસ્ત ફક્ત છ કલાક માટે નહિ, પરંતુ પોતાના જીવનભર વધસ્તંભ ઉપર રહ્યા. એક સ્વચ્છ રહેનાર વ્યક્તિ, જો કે તેનો જન્મ મેલ અને ધૂળમાં થયો હોય, છતાં તે મેલ અને ગંદવાડ સહન કરી શકતી નથી. એક ભલો મનુષ્ય થોડી મિનિટો સુધી પણ દુષ્ટોની સંગત સહન કરી શક્તો નથી, તો પછી એક નિષ્કલંક અને પવિત્ર વ્યક્તિનું જીવનમાં તેત્રીસ વર્ષ સુધી પાપી અને દુષ્ટોની વચમાં વસવું કેટલું દુઃખદાયક હશે? એ દુઃખ અને પીડાનો અંદાજ મેળવવો કે સમજવું એક પાપી વ્યક્તિ માટે અશક્ય છે. જો આપણે તેના વધસ્તંભનું રહસ્ય સમજી લઈએ, તો આપણા માટેના તેના અપરિમિત અને અજાયબ પ્રેમને સમજવો સરળ બનશે. આપણે આ પણ સમજી શકીશું કે તે પ્રેમના અવતાર હતા, અને કેવી રીતે આપણને અનંતજીવન પમાડવા માટે તેઓ સ્વર્ગનો વૈભવ તજી દઈને આ પાપી દુનિયામાં નીચે ઊતર્યા.

(ખ) પ્રભુ ઈસુ ખ્રિસ્તની પીડા એ ખાસ રીતે પરમેશ્વરની મનુષ્યના તારણ માટેની પીડા હતી. તમામ જીવોનું મૂળ એક જ

છે, અને પરમેશ્વર પાસેથી જ તમામ સજીવ પ્રાણીઓને જીવન મળ્યું છે, અને એ સંબંધને કારણે આપણે તેનામાં જીવન જીવીએ છીએ, પરંતુ જે જીવંત સંબંધ પરમેશ્વરને તેની ઉત્પન્ન કરેલી સૃષ્ટિ સાથે છે, તેને કારણે જ્યારે ઉત્પન્ન કરેલ જીવો પીડા ભોગવે ત્યારે શું પરમેશ્વરને દુ:ખ ન થાય? જેણે દુ:ખની લાગણી ઉત્પન્ન કરી છે તેને પોતાને શું દુ:ખની લાગણી ન હોય? અને જો આમ બનતું હોય, તો પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા પરમેશ્વર પીડા ભોગવે એ કેમ શક્ય નથી?

પિતાનો અમર્યાદિત અને સાચો પ્રેમ જે અનંતકાળથી ગુપ્ત હતો, તેના પ્રકટીકરણ અર્થે જ પ્રભુ ઈસુ ખ્રિસ્ત ખાસ કરીને પૃથ્વી ઉપર આવ્યા, જેથી પોતાના બલિદાન મારફતે તે ભલાઓના નહિ, પણ પાપીઓના આત્માઓનો બચાવ કરી શકે. તેમના મનુષ્ય અવતારનું બીજું આ કારણ હતું કે, મરણ પછી પુનરુત્થાન પામીને તેઓ સાબિત કરે કે જેને પૃથ્વી ઉપર મરણ ગણવામાં આવે છે, તે ખરી રીતે મરણ નથી, પરંતુ જીવનનો ઝરો છે. આજ્ઞાભંગ અને પાપને કારણે પરમેશ્વરથી જુદાં પડવું તે બાબત પોતે જ પીડા અને મરણ છે.

(ગ) પ્રભુ ઈસુ ખ્રિસ્તના વધસ્તંભના મરણ વખતે બન્ને પૃથ્વીના લોકોનું પ્રતિનિધિત્વ હતું. પાસ્ખા પર્વને કારણે તમામ પ્રાન્તો અને જિલ્લાઓના લોકો એકઠા મળ્યા હતા, તે જાણે એમ બતાવતા હતા કે સમસ્ત સૃષ્ટિના જીવો પાપના પ્રાયશ્ચિત માટે, અપાતા બલિદાનના સાક્ષી બનતા હતા. આત્મિક સંસારના સંતો, અને દૂતો પણ ત્યાં ઉપસ્થિત હતા. (માથ્થી ૨૭:૫૧-૫૪). પ્રભુ ઈસુએ પોતાનો જીવ ખંડણી તરીકે આપ્યો, એથી પૃથ્વી ઉપર

પાપ માફ કરવાની અને પાપીઓને બચાવવાની, તમામ સત્તા અને અધિકાર તેમને આપવામાં આવ્યાં, અને મનુષ્ય તરીકે અવતાર લેતાં જે અધિકાર તેમણે છોડ્યો હતો તે તમામ અધિકાર પૃથ્વી ઉપર અને સ્વર્ગમાં તેમને ફરીથી સોંપવામાં આવ્યો. (માથ્થી ૯ : ૨; ૨૮ : ૧૮).

## (૩) પ્રભુ ઈસુ ખ્રિસ્તનું પુનરુત્થાન

(ક) જે. શરીરને વધસ્તંભે જડવામાં આવ્યું એ જ શરીર લઈને પ્રભુ ઈસુ પુનરુત્થાન પામ્યા. પાપ, શરીરને ભ્રષ્ટ કરીને સ્વર્ગીય પ્રવેશ માટે તેને અયોગ્ય બનાવે છે, પરંતુ પ્રભુ ઈસુનું શરીર દોષરહિત, નિષ્કલંક હતું, અને મૃત્યુ ઉપર વિજય મેળવ્યા બાદ તે એક મહિમાવંત શરીરમાં બદલાઈ ગયું; અને, તે મહિમાવંત શરીર લઈને તે પરમેશ્વર સાથે સિંહાસને બેઠા. (પ્રકટીકરણ ૩:૨૧). વધસ્તંભ ઉપર પડેલા ઘા તેમના મહિમાવંત શરીરમાં અંકિત થયા છે, અને જ્યારે તારણ પામેલાઓ તે જુએ છે, ત્યારે તેમનો અગાધ પ્રેમ તેઓ યાદ કરે છે કે કેવી રીતે તેમણે તેઓને પાપથી બચાવવા વધસ્તંભનું દુઃખ વેઠ્યું, અને તેમના સનાતન આનંદમાં ભાગીદાર થવાનો હક આપ્યો.

(ખ) પરમેશ્વર આત્મા છે. આત્માઓ ઉપરાંત તેણે નિર્જીવ પદાર્થો પણ ઉત્પન્ન કર્યા. (તેણે પોતાની પ્રકૃતિથી જુદા પદાર્થો ઉત્પન્ન કર્યા તેનો અર્થ એ નથી કે તે પદાર્થ છે અથવા તેના જેવો છે.) પરમેશ્વર, આત્મા હોઈને, પોતાના પરાક્રમની સંપૂર્ણતાથી પદાર્થ ઉત્પન્ન કરી શકે, જેમાં આત્મા નથી, તો પછી તે પોતાના અવતાર (પ્રભુ ઈસુનું દુન્યવી શરીર)ને કેમ પુનર્જીવિત ન કરી

શકે? અને તેને આત્મિક અને મહિમાવંત શરીરમાં કેમ ન બદલી શકે? ખરેખર આમ કરી શકે, અને તેણે તે કરીને બતાવ્યું.

જેમ ફરીથી જાગવા માટે આપણે ઊંઘી જઈએ છીએ, તેવી રીતે પુનર્જીવિત થવા આપણે મરણ પામીએ છીએ. જ્યારે રાત્રી આવે છે ત્યારે આપણે થાક અને દુર્બળતામાં ઊંઘી જઈએ છીએ, પરંતુ સવારે ઊઠીએ છીએ, ત્યારે શક્તિ અને તાજગી અનુભવીએ છીએ. આ પ્રમાણે આપણે નિર્બળતા અને વિનાશમાં મરીએ છીએ, પરંતુ પરાક્રમ અને મહિમામાં સજીવન થઈએ છીએ. (૧ કોરિંથી ૧૫ : ૪૨), અને એવા જીવનમાં પ્રવેશ કરીએ છીએ જ્યાં મરણ અને પાપ કદી હશે જ નહિ.

(ગ) કેટલાક એવો વિરોધ દર્શાવે છે કે, જો પરમેશ્વર આત્મા હોય, તો તે ભૌતિક શરીર કેવી રીતે ધારણ કરી શકે? પરંતુ આ લોક ભૂલે છે કે, મનુષ્યનો આત્મા પણ છે, અને મનુષ્યનો આત્મા ભૌતિક શરીર કેવી રીતે પામી શકે? જો એક ઉત્પન્ન કરેલ આત્માને મનુષ્યનું ભૌતિક શરીર આપી શકાય, તો પછી પરમેશ્વરને ભૌતિક શરીર ધારણ કરવું શા માટે અશક્ય હોય? આપણે એમ કહી શકીએ કે, મનુષ્યના આત્મા માટે આ શક્ય છે, કારણ કે તે મર્યાદિત છે, પરંતુ પરમેશ્વર જે અનંત છે તેને માટે એ શક્ય નથી. ઈશ્વર માટે આ શક્ય છે, પરંતુ આપણે યાદ રાખવું જોઈએ કે, સનાતન ઈશ્વર પાસે અનંત શક્તિ અને શક્યતાઓ છે, જે મનુષ્યની બુદ્ધિની બહાર છે.

અવતાર લેવાનો ઉદ્દેશ એ છે, જેઓને તેણે પોતાની પ્રતિમા પ્રમાણે ઉત્પન્ન કર્યા હતા, અને જેઓ પોતાના અસલ સ્થાનમાંથી પાપને કારણે નીચે પડ્યા, તેઓને ભૌતિક મરણ અને પુનરુત્થાન

મારફતે, પોતાના જેવા મહિમાવંત શરીરમાં ફરીથી લાવી શકે, અને તે ઉપરાંત તેઓને પોતાના સનાતન રાજ્ય અને પોતાની સંગતમાં પ્રવેશ આપીને તેઓને માન આપે.

## (૪) ખ્રિસ્તી ધર્મની કેટલીક વ્યાવહારિક સાબિતીઓ

(ક) ખ્રિસ્તી ધર્મનાં અનેક વ્યાવહારિક પ્રમાણોમાંથી એક પ્રમાણ કે સાબિતી આ છે કે, તમામ યુગો અને તમામ રાષ્ટ્રોમાં, અને મનુષ્યની સઘળી પરિસ્થિતિઓમાં, આ ધર્મના લોકોનાં હૃદયોને શાંતિ પમાડી છે, અને તેમના આત્માની ઝંખના સંતોષી છે. ફક્ત તે લોકો જે શાંતિ ગ્રહણ કરી શક્યા નથી જેઓ 'દેખતા હોવા છતાં, જોઈ શક્યા નહિ, અને સાંભળતા હોવા છતાં સાંભળી શક્યા નહિ!' બીજા શબ્દોમાં કહીએ તો, તે લોકો શાંતિ પ્રાપ્ત ન કરી શક્યા જેઓ આકાશ અને પૃથ્વીની સુંદરતાની વચમાં રહેતા હોવા છતાં તેઓ રંગો પ્રત્યે આંધળા હતા, અને આત્માને પ્રફુલ્લિત કરનાર સંગીત સાંભળવા 'કાન' હોવા છતાં સાંભળી શક્યા નહિ.

(ખ) અનુભવ બતાવે છે કે, મનુષ્ય જો તેની તમામ આકાંક્ષાઓ પૂરી કરે, અને સુખ-સંપત્તિ સંપાદન કરે, છતાંયે તેના હૃદયમાં સંતોષ અને શાંતિ નથી. જે મનુષ્યે ઈશ્વરમાં શાંતિ પ્રાપ્ત કરી છે, અને ઈશ્વરની ઇચ્છાને આધીન છે, તેના સંબંધમાં આથી ઊલટું છે. કારણ કે જો સંસારનો આનંદ જે અહીં પ્રાપ્ત થાય છે, તે જો તેની પાસેથી છીનવી લેવામાં આવે, અને જો તેને દુઃખ, પીડા અને સતાવણી સહન કરવાં પડે, છતાં તેના હૃદયમાં સાચો આનંદ અને શાંતિ હોય છે 'જે જગત આપી કે પાછું લઈ શક્તું નથી.'

બીજી દુનિયામાં તે બદલાની આશા રાખે છે એટલા પૂરતો જ આ આનંદ તેનામાં નથી. તે પોતા માટે શક્તિ અને પોષણ 'ગુપ્ત માન્ના'માંથી મેળવે છે (પ્રકટીકરણ ૨ : ૧૭). જે સંબંધી જગત બિલકુલ અજાણ છે, અને તેમાંથી મળેલ શક્તિ દ્વારા તે વધસ્તંભ ઊંચકે છે અને પીડા સહન કરે છે. ખ્રિસ્તી વિશ્વાસીઓને ઈશ્વર સાથેની સંગતનું આત્મિક પોષણ શક્તિ આપે છે. જે પીડાઓ તેમણે વેઠવાની છે તે સહન કરવા ફક્ત બદલાની આશા પૂરતી શક્તિશાળી નથી. કેટલાક કદાચ થોડો સમય આવી પીડાઓ સહન કરી શકે, પરંતુ જીવન પર્યંત તે વેઠી શકે નહિ.

આ વિષયમાં ઘણું કહેવાયું છે. એક સાચા ખ્રિસ્તીનું જીવન પ્રત્યેક પરિસ્થિતિમાં શાંતિ અને આનંદથી ભરપૂર રહે છે, અને પરિણામે વિજય મેળવે છે, કારણ કે તેના જીવનમાં પવિત્ર આત્માનું ભરપૂરીપણું અને ઈશ્વરની હાજરી હોય છે, અને આ તેની સત્યતાનું સ્પષ્ટ અને વ્યાવહારિક પ્રમાણ છે.

(ગ) જેવી રીતે મીઠાઈની મીઠાશ તેના પોતા માટે નહિ, પરંતુ જેઓ પોતે તેનો સ્વાદ ચાખે છે તેઓને માટે છે, તેવી જ રીતે પરમેશ્વર પોતાને માટે નથી, પરંતુ જેઓમાં તેણે તેની સંગતની મીઠાશ ભોગવવાનું ઉત્પન્ન કર્યું છે તેઓ માટે છે. વાસ્તવિક્તાનું અનેક ધાર્મિક અને ફિલસૂફીવાળાં કાર્યોમાં વર્ણન કરવામાં આવ્યું છે, પરંતુ પરમેશ્વરની સંગતનો આનંદ પ્રાપ્ત કરવાનો માર્ગ મનુષ્ય સિવાય બીજા કોઈમાં દેખાતો નથી. પરમેશ્વરે મનુષ્યને એટલા માટે ઉત્પન્ન કર્યું છે કે, તે તેની સાથેની સંગતમાં ચાલુ રહે, અને આથી જ તેણે તેનામાં વાસ્તવિક્તાની ચેતના, અને તેમાંથી આનંદ મેળવવાની શક્તિ મૂકી છે. પરમેશ્વરે આવી આત્મિક લાગણીઓ

તેઓને આપી છે તે બતાવે છે કે, વાસ્તવિક્તાનો અર્થ મનુષ્ય માટે ઈશ્વરની સંગત ભોગવવાનો છે. આથી જે તેણે વાસ્તવિક્તા અને અવાસ્તવિક્તા, સત્ય અને જૂઠનો ભેદ પારખવાની શક્તિ મનુષ્યમાં મૂકી છે. જો કે જીવનમાં સત્ય અને જૂઠ પારખવા ઈશ્વરે મનુષ્યને અંતઃકરણ આપ્યું છે, છતાં પાપને કારણે તે આ લાગણી ગુમાવે, અને તે મરી પણ જાય. પરંતુ જ્યારે ઈશ્વરની કૃપાથી તે ફરીથી જાગૃત બને ત્યારે તેને છેત્તરી શકાતી નથી, અને મનુષ્ય જ્યારે પોતામાં વાસ્તવિક્તાનું અસ્તિત્વ અનુભવે, ત્યારે ઈશ્વર તરફનો તેનો દરરોજનો અનુભવ તેના માટે એક જીવંત શક્તિ બની જાય છે. જ્યારે આપણા અંતરમાં આવો પ્રયોગાત્મક અનુભવ ઉત્પન્ન થાય છે, ત્યારે આવા આત્મિક અનુભવના વિરોધમાં હજારો પુસ્તકો લખવામાં આવે, કે દુનિયાઈ ફિલસૂફી અને તર્કનો ગમે તેટલો વિવાદ સર્જવામાં આવે, છતાં તેની સાબિતી ડગાવી શકાતી નથી, કારણ કે વાસ્તવિક્તાનું જ્ઞાન, તર્ક અને વિવાદોમાં નહિ, પરંતુ આપણા અંતઃકરણમાં વાસો કરે છે. હવે આપણને આ સ્પષ્ટ થયું કે, મીઠાઈની મીઠાશ પારખવાનો ગુણ પુસ્તકોમાં નહિ, પરંતુ મનુષ્યોની જીભમાં રહેલો છે.

(ઘ) કદાચ એવું બને કે, માંદગીને કારણે સ્વાદેન્દ્રિયમાં કોઈ ઊણપ આવી જાય, અને મીઠાઈની મીઠાશ વિષે કોઈ ભ્રમણામાં પડે. પરંતુ આવો રોગ કદી થયો નથી કે થશે પણ નહિ કે, લાખો મનુષ્યો સ્વાદ પારખવાની જીભની શક્તિ ગુમાવી બેસે. સંભવ છે કે કેટલાક લોકોની આત્મિક લાગણી અને સમજશક્તિ ખોડવાળી હોય, પરંતુ દરેક દેશ, દરેક જાતિ અને તમામ પરિસ્થિતિના લાખો, બલકે અસંખ્ય લોકો જેઓએ પ્રભુ ઈસુમાં

શાંતિ અને મુક્તિ પ્રાપ્ત કર્યાં છે તેઓએ તેમને માટે સાક્ષી આપી છે. હજારો લોકો જેઓએ પ્રભુ ઈસુ મારફતે શાંતિ અને મુક્તિ મેળવ્યાં છે, તેઓને આ પ્રકારની સાક્ષી આપવા બદલ જીવતાં સળગાવી મૂકવામાં આવ્યાં છે, જંગલી પશુઓ દ્વારા ફાડી નંખાયાં છે, તલવારથી કાપી નાખવામાં આવ્યાં છે. આમ છતાં તેઓએ આ પીડા આનંદથી સહન કરી અને જીવનના છેલ્લા શ્વાસ સુધી સાક્ષી આપવાનું ચાલુ રાખ્યું. આમ શા માટે? શું આ બધાની આત્મિક લાગણી અને સમજશક્તિ ખોડવાળી હતી? કદી નહિ! આ પ્રકારની વાત તો મધ્યાહ્નને તપતા સૂર્યને રાત્રીનો અંધકાર કહેવા બરાબર છે. આ ચોખ્ખું સાબિત કરી શકાય કે, આ પ્રકારે બોલનાર વ્યક્તિના પોતાનામાં જ આત્મિક લાગણી અને પારખશક્તિનો અભાવ છે.

(ચ) હિમાલયમાં એક વાર એક ગુફામાં એક નગ્ન અને જંગલી અવસ્થામાં રહેતા માણસનો ભેટો થયો. આ માણસે કદી મીઠાઈ જોઈ કે ચાખી ન હતી, અને મીઠાઈ માટે તેની ભાષામાં કોઈ શબ્દ જ ન હતો. મારા એક મિત્રે જ્યારે તેને મીઠાઈ આપી, ત્યારે થોડી વાર તે એ તરફ વહેમની દૃષ્ટિથી જોઈ રહ્યો, પરંતુ, જ્યારે તેણે તે ચાખી, ત્યારે તેને નવાઈ લાગી અને તેના મુખ ઉપર છવાયેલી પ્રસન્નતાથી અમે જોઈ શક્યા કે તેને તે કેટલી બધી ગમી છે! મીઠાઈ ચાખ્યા પહેલાં, તેનું અસ્તિત્વ કે નાસ્તિત્વ તેને મન કંઈ જ ન હતું. તેણે મીઠાઈની મીઠાશ વિષે જાણ્યું અને અનુભવ્યું તે પહેલાં પણ તેની જીભમાં સ્વાદ પારખવાની શક્તિ તો જરૂર હતી, પરંતુ તેને તેની સ્વાદેન્દ્રિય વિષે નહિ, પરંતુ મીઠાઈ વિષે જાણ કરવાની જરૂર હતી. આ જ પ્રમાણે મનુષ્યમાં

વાસ્તવિક્તાની ચેતના છે. વાસ્તવિક્તા પોતે તેનાથી અલગ છે, પરંતુ તેને ઓળખવાની શક્તિ તેનામાં મોજૂદ છે.

શક્ય છે કે પાપને કારણે આ સૂઝ-શક્તિ નાશ પામી હોય, જેને કારણે મનુષ્ય ઈશ્વરના અસ્તિત્વનો પણ નકાર કરે. છતાં જો તે પસ્તાવો કરે, અને શુદ્ધ હૃદયથી ઈશ્વરને શોધે, તો જરૂર સત્ય તેનામાં પ્રગટ થશે, અને તેના લાભ તથા આશીર્વાદ પ્રાપ્ત થશે. પાછળથી જો કે એક મૂંગા મનુષ્ય માફક મીઠાઈની મીઠાશનું વર્ણન તે ન કરી શકે, છતાં તેના જીવન અને કાર્યો દ્વારા તે વાસ્તવિક્તાનું અસ્તિત્વ સદા બતાવતો રહેશે.

જ્યારે કોઈ વ્યક્તિ જેને વાસ્તવિક્તાનો વ્યક્તિગત અનુભવ થયો છે તે જ્યારે પોતાની છૂપી લાગણીઓ અને વિચારો સંબંધી બીજા કોઈ અનુભવી અને આત્મિક વિચારધારાવાળા મનુષ્યના ઉપદેશ યા લખાણ દ્વારા સાંભળે છે કે વાંચે છે, ત્યારે તેનું હૃદય પણ આનંદથી છલકાઈ જાય છે, અને કહે છે, "આ તે જ સત્ય છે જે હું બીજા સમક્ષ પ્રગટ કરવા ઇચ્છતો હતો." આ પ્રમાણે બધા સત્યના ચાહકો એકમતથી એકબીજા સાથે મળીને સંસારને ખ્રિસ્તી ધર્મની સાક્ષી અને સાબિતી આપે છે. આ સાબિતી તેમનો પરમેશ્વર સાથેનો વ્યક્તિગત અનુભવ છે જે તેમણે પોતાના જીવનમાં પ્રાપ્ત કર્યો છે.

(૭) દુનિયાભરમાં ખ્રિસ્તી ધર્મનો ફેલાવો થયો તે અગાઉ, કેટલાક ભલા અને સુજ્ઞ વિચારવાળા મનુષ્યોએ સ્થિતિ બદલવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ મનુષ્યજાતના વિકાસ અને સુધારા માટે તેઓ કંઈ વિશેષ કરી શક્યા ન હતા. સ્ત્રીઓ ગુલામ ગણાતી હતી, અને ગુલામો સાથે પશુઓ જેવું જ વર્તન આચરવામાં

આવતું હતું. વૃદ્ધો, બીમારો, અનાથો અને કોઢિયાઓ માટે કોઈ વિશેષ વ્યવસ્થા ન હતી, પણ ખ્રિસ્તીધર્મે તેમાં ફેરફાર કર્યાં, અને એ શિક્ષણનાં ફળ આપણે સર્વત્ર જોઈએ છીએ. સ્ત્રીઓને પુરુષો સમાન ગણવામાં આવે છે, અને ગુલામોને ભાઈ ગણવામાં આવે છે. દરેક જગ્યાએ દવાખાનાં, અનાથાશ્રમો, અને કોઢિયા માટેનાં રહેઠાણો જોવામાં આવે છે, કારણ કે પ્રભુ ઈસુ ખ્રિસ્તને અનુસરનારાઓને એવું શિક્ષણ આપવામાં આવે છે કે તેઓ બીજાઓ ઉપર પોતા જેવો જ પ્રેમ દાખવે, અને સમસ્ત વિશ્વને એક કુટુંબરૂપે જુએ.

રોમ શહેરમાં ગુલામો અને કેદીઓને લોકોના ટોળાના આનંદ માટે જંગલી પશુઓ સાથે લડવાની ફરજ પાડવામાં આવતી, અને, રક્તપિપાસુ જનતા પોતાના મનોરંજન માટે ગ્લેડીએટર્સની એવી લડાઈઓ જોવા માંગણી કરતી હતી, જેનું પરિણામ ચોક્કસ રક્તપાત અને મોત હતું. એ સમયના લોકોમાં સહાનુભૂતિની સાચી લાગણી ન હતી. પરંતુ એક ખ્રિસ્તી સાધુએ, પ્રેમ અને દયાની લાગણીથી દોરાઈને, આ ભયંકર રક્તપાતનો અંત લાવીને ગુલામો અને કેદીઓને બચાવવાનો દૃઢ સંકલ્પ કર્યો. આ સાધુનું નામ તેલેમખુસ હતું. એક વાર જ્યારે ગુલામો અને કેદીઓ લડી રહ્યા હતા ત્યારે તે મેદાનમાં કૂદી પડ્યો. પ્રેક્ષકોએ ગુસ્સે થઈને તેના ઉપર પથ્થરમારો કર્યો, અને જેઓને તે બચાવવા માંગતો હતો, તેઓએ જ તેને તલવારથી કાપી નાખ્યો. જો કે તે દિવસે તે સાધુને તેનું કંઈ વિશેષ ફળ મળ્યું નહિ, પરંતુ ગંભીર વિચારસરણીવાળા લોકોનાં હૃદયોમાં પ્રેમનું બી રોપવામાં તે સફળ થયો હતો, અને ત્યાર બાદ આ ક્રૂર ખેલ-તમાશાનો રિવાજ બંધ કરી દેવામાં આવ્યો. આ ખ્રિસ્તી સાધુનું જીવન વિજયી બન્યું.

(૪) વિશ્વમાં કોઈપણ રાષ્ટ્ર યા ધર્મ જો તે નિરંતર આત્મિક ઝઘડા અને બાહ્ય આક્રમણોથી ડૂબેલો રહે, તો લાંબો સમય ટકી શક્તાં નથી. કોઈ કિલ્લો કે શહેર જો તેના ઉપર અંદર અને બહારથી તોપમારો કરવામાં આવે તો ટકી શક્તાં નથી. પરંતુ ખ્રિસ્તી ધર્મ એક એવો ધર્મ છે, જેની ઉપર બહારથી અજ્ઞેયવાદ, નાસ્તિક્તા, તથા દુન્યવી સામ્રાજ્યો અને અંધકારની શક્તિઓએ ભયાનક આક્રમણ કર્યું, અને અંદરથી, જુદા જુદા વિશ્વાસીઓએ પોતાના જૂઠા ઉપદેશ દ્વારા અને નામધારી ખ્રિસ્તીઓએ પોતાના દુષ્ટ જીવનથી વણથંભ્યા હુમલા કર્યા, પરંતુ આ તમામ આક્રમણો અને અનેક પ્રકારનાં વાંધા-મુશ્કેલીઓ હોવા છતાં ખ્રિસ્તી ધર્મ સ્થાપિત થયો, અને આજે વિશ્વાસમાં તે સફળતાથી વધી રહ્યો છે. આ એક સાચા, જીવતા અને આત્માને સંતોષ પમાડનાર ધર્મની વ્યવહારિક સાબિતી કે પ્રમાણ નથી તો બીજું શું છે?

## (૫) ઉચ્ચ સમાલોચના અને આધુનિક્તાવાદ

(ક) પવિત્ર બાઈબલ અને ખ્રિસ્તી ધર્મ ઉપર દરેક યુગમાં ટીકાઓ દ્વારા આક્રમણ કરવામાં આવ્યાં છે. આ આક્રમણોને પણ જે તે યુગની સભ્યતા લક્ષમાં લઈને અનુકૂળ રૂપ આપવામાં આવ્યાં. તે યુગમાં એ આક્રમણો ભયાનક દેખાય, પરંતુ જે પેઢીમાં તેનો ઉદય થયો તે જ પેઢીમાં તેનો નાશ પણ થયો. નાસ્તિકો અને બીજા ટીકાકારોની દરેક ટીકા અને વિરોધ, ખ્રિસ્તીધર્મનો નાશ કરવાને બદલે તેને ઉલટો વધારે મજબૂત બનાવ્યો. તેઓનો પ્રયાસ મિથ્યા થયો, કારણ કે તેઓ સાચા વિશ્વાસીઓના જીવનમાં જે શક્તિ અને જીવન વહેતાં હતાં તેની સામે ટકી શક્યા નહિ. ચાલુ જમાનામાં ટીકાકારોનું આક્રમણ, ઉચ્ચ સમાલોચના અથવા

આધુનિક્તાવાદના નામથી ઓળખાય છે. જે નામના ખ્રિસ્તીઓ છે અને જેઓને પોતાના જીવનમાં આત્મિક અનુભવ થયો નથી, તેવા નબળા ખ્રિસ્તીઓનો વિશ્વાસ કદાચ આવી ટીકા ડગાવી શકે, પરંતુ જેઓ સત્ય કે વાસ્તવિક્તાને અથવા સત્યમાં માને છે તેઓને કોઈ પ્રકારનું નુકસાન પહોંચાડી શકાતું નથી. બીજી બાજુ, સાચા વિશ્વાસીઓને તો તે શક્તિ અને વિકાસ બક્ષે છે. ટૂંકો રોગચાળો જે પ્રમાણે તે રોગ ફેલાવનારાઓને ભરખી લે છે અને પોતે જ રોગચાળો આગળ વધતો અટકાવવાનું કારણ બને છે તે રીતે, ટીકાકારો, જેઓ બુદ્ધિવાદનો રોગ ફેલાવે છે તેઓ ધીમે ધીમે નાશ પામે છે, અને તેમની સાથે તેમનો રોગ પણ વિદાય લે છે.

(ખ) વિદ્વાનોની ટીકા અને વિરોધ વાસ્તવિક્તા ઉપર નહિ, પરંતુ તેઓનાં પોતાનાં અનુમાનો અને દષ્ટિકોણ ઉપર આધારિત હોય છે. ટીકાકારો વિદ્વાન છે, માટે તેની ટીકા પણ વિદ્વત્તાભરી હશે, એમ કહી શકાય નહિ. ઘણું કરીને તેઓની ટીકાઓનો પાયો કલ્પના અને અનુમાન ઉપર હોય છે, અને આથી તે અસ્વીકાર્ય હોય છે. સંભવિત છે કે તેમના અમુક સિદ્ધાંતો સ્વર્ગીય પ્રકાશનું પ્રતિબિંબ હોય, અને આ પણ સંભવિત છે કે તેમાં નર્કના અગ્નિનું પ્રતિબિંબ હોય, આ અવસ્થામાં વિદ્વાન ટીકાકારો પોતાની જ ભૂલો અને ભ્રમમાં ગૂંચવાયેલા હોય. તેઓનું સંસારી જ્ઞાન અને ફિલસૂફી, ઈશ્વરી પ્રેરણાથી બાઇબલ લખનારનાં ઊંડાં આત્મિક વચનોનો અર્થ સમજવામાં અટકાવરૂપ બને છે. તેઓ મોટા ભાગે બહારની છાલ કે બાહ્ય પડનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરે છે, એટલે કે તેઓ તેમની લેખનશૈલી, અથવા તારીખોનો આધાર, અથવા લેખકોના ગુણ ઉપર ધ્યાન આપે છે, પરંતુ તેની અંદરનો માવો

કે મર્મ જે વાસ્તવિક્તા છે તે લક્ષમાં લેતા નથી. પરંતુ સત્યની શોધ કરનાર વ્યક્તિ બાઈબલ પાસે જુદી રીતે પહોંચે છે. તે વાસ્તવિક્તા (ઈશ્વર)ની સંગત માત્ર શોધે છે, અને કોણે, અને ક્યારે બાઈબલ લખ્યું તેની તેમને કોઈ ચિંતા નથી. તે એટલું જાણે છે કે, તેની પાસે પ્રબોધકો અને પ્રેરિતો દ્વારા લખાયેલ પવિત્ર આત્મા દ્વારા પ્રેરિત શબ્દો (૨ પિતર ૧ : ૨૧); જેની સત્યતાનો આધાર ઈતિહાસ કે તર્કશાસ્ત્ર ઉપર નથી- કારણ કે સત્ય નવું કે જૂનું હોતું નથી, તે સનાતન છે. વધુમાં, સત્યનો શોધક, આત્મિક ખોરાક અને અનંતજીવન શોધે છે, અને તેને એવી કોઈ ચિંતા નથી કે તેને એ વાત મૂસા, દાઉદ, યશાયાહ, યિર્મેયાહ અથવા માથ્થી, માર્ક, લૂક કે યોહાન પાસેથી પ્રાપ્ત થાય છે. તેની એક માત્ર ઈચ્છા સત્ય પામવાની છે, અને ઈશ્વરની સંગતથી તેને પોતાની જિંદગીમાં આત્મિક જીવન પ્રાપ્ત થાય છે, અને તેને એવો સંતોષ મળે છે જે તેના જીવનમાં હંમશાં ટકી રહે છે.

(ગ) યુરોપ, અમેરિકા અને પૂર્વમાં ખ્રિસ્તી ધર્મ નિષ્ફળ નીવડ્યો છે એમ કહેવું તે ભૂલ અને મૂર્ખતા છે, અને અનુભવ ઉપર આધારિત નથી. ત્યાં ખ્રિસ્તીધર્મ નહિ, પરંતુ જેઓ ખ્રિસ્તીધર્મનું હાર્દ સમજી શક્યા નથી તેઓ નિષ્ફળ નીવડ્યા છે.

મારી યુરોપ, અમેરિકા અને પૂર્વના દેશોની મુસાફરી દરમિયાન મેં જોયું છે કે, ત્યાંના લોકો કારખાનામાં, પ્રયોગશાળાઓમાં અને પુસ્તકાલયોમાં એટલા બધા ઓતપ્રોત રહે છે કે તેઓને ખ્રિસ્તીધર્મમાંથી મળતો આશીર્વાદ મેળવવાનો સમય નથી. કેટલાકે મારી આગળ કબૂલ કર્યું કે તેઓએ તેમનાં જીવનો એટલાં બધાં ગૂંચવી નાખ્યાં છે કે તેઓ જીવનથી થાકી ગયા છે. જો કોઈ વ્યક્તિ

ખોરાક ન લેવાથી, અને પાણી ન પીવાથી, મરણ પામે તો શું આપણે એમ કહી શકીએ કે ખોરાક અને પાણી તેનામાં બિલકુલ નિષ્ફળ નિવડ્યાં છે? કદી નહિ! એ તો માત્ર મનુષ્યની બેપરવાઈ અને ગાફેલપણાને કારણે છે. દવા પાસે હોવા છતાં જો દવા ન પીવાને કારણે માણસનું મોત નીપજે, તો એમ ન કહી શકાય કે દવા નકામી છે. જેઓએ પૂરા હૃદયથી ખ્રિસ્તી ધર્મનો સ્વીકાર કર્યો છે, અને તેના આશીર્વાદો મેળવ્યા છે, તેઓએ જગતને મરણની નિદ્રામાંથી જગાડ્યું છે, અને મનુષ્યનું તારણ જેની અસર સદા ટકી રહે છે તેને માટે કાર્ય કર્યું છે.

(ઘ) મજૂરો ખુલ્લી હવામાં કામ કરે છે, અને લોટ, ચોખા, દૂધ અને શાકભાજી જેવો સાદો ખોરાક લે છે, તેઓ સામાન્ય રીતે તંદુરસ્ત હોય છે, પરંતુ જેઓ આવા સાદા અને પૌષ્ટિક ખોરાક લેતા નથી, અને ઉચ્ચ પ્રકારનો ખોરાક લે છે, અને પોતાને દફતરો અને અભ્યાસખંડોમાં ગોંધી રાખે છે, તેઓ અપચો અને એવી બીજી બીમારીથી પીડાય છે. આ જ રીતે સાદા વિશ્વાસવાળી વ્યક્તિ સાદો આત્મિક ખોરાક લે છે. તેઓ દેવના જીવંત શબ્દોમાંથી, અને પવિત્ર આત્મામાંથી પોષણ મેળવે છે. તેઓ પોતાનું જીવન બીજાઓની મદદમાં અને તેઓને ઊંચા લાવવામાં ખર્ચે છે, અને આ રીતે સંપૂર્ણ તંદુરસ્તી, આનંદ અને શાંતિમાં જીવવાનું ચાલુ રાખે છે. પરંતુ જેઓ આ સાદો સનાતન વિશ્વાસ અને વાસ્તવિક્તા તજીને ફિલસૂફીના અભ્યાસરૂપ ખોરાક લે છે તેઓને અજીર્ણ (શક, અવિશ્વાસ)ની બીમારી લાગુ પડે છે. આ ફિલસૂફીનું શિક્ષણ આકર્ષક અને પ્રસન્નતા પમાડે તેવું હોય, છતાં તે આત્મિક ખોરાક તરીકે સવિશેષ ઉચ્ચ પ્રકારનું હોય છે, જેથી તેઓ અને બીજાઓ

જેઓ તે આરોગે છે તેઓ માંદા પડે છે, અને પરમેશ્વરની સંગતનો અનુભવ કર્યા વગર મૃત્યુને ભેટે છે.

(ચ) વકીલોમાં, કાયદાનિષ્ણાત અને વિદ્વાન અપરાધીઓ હોય છે જેઓ પોતાના લાભ માટે બિનકાયદેસર રીતે કાયદાનો ઉપયોગ કરે છે, અને આ રીતે પોતાની અને જનતાની નૈતિક્તા નષ્ટ કરે છે. વકીલો જાણે છે કે તેમના અસીલો ગુનેગાર છે, છતાં તેમના કાયદાના જ્ઞાનથી ચતુરાઈથી તેઓ તેમને શિક્ષામાંથી છોડાવે છે, અને આ રીતે બીજા ગુના કરવા તેમને પ્રોત્સાહિત કરે છે. આ રીતે, ગુનેગારને સુધારવાને બદલે અને રાજ્યની ભલાઈ કરવાને બદલે, આ ભણેલા અને સુધરેલા અપરાધીઓ ગુપ્ત રીતે સમાજને નુકસાન પહોંચાડે છે. આવી રીતે બાઈબલના વિદ્વાન ગુનેગારો પણ છે, જેઓ ઈશ્વર તરફથી મળેલ શક્તિ અને જ્ઞાનનો દુરુપયોગ કરે છે. તેઓ ઈશ્વરનો મહિમા શોધતા નથી, અને તેના લોકોની ભલાઈ કરતા નથી. તેઓ અન્યાયી ટીકા અને વણમાગ્યા વિરોધથી વિશ્વાસીઓના આત્મિક જીવન અને હૃદયની શાંતિને હાનિ પહોંચાડે છે, અને પોતે જ વિનાશના પ્રતિનિધિ બની જાય છે. આવા લોકો માટે આપણા પ્રભુએ કહ્યું છે કે, ''તમો પંડિતને અફસોસ છે. કેમ કે તમે જ્ઞાનની કૂંચીઓ લઈ લીધી છે, તમે પોતે માંહે પેઠા નથી, અને જેઓ માંહે પેસતા હતા તેઓને તમે અટકાવ્યા છે.'' (લૂક ૧૧ : ૫૨).

(છ) કેટલાક સમાલોચકો, ઉડાઉ દીકરાના દષ્ટાંતમાંથી એવો સાર કાઢે છે કે, પ્રભુ સાથેના મેળાપ માટે કોઈ મધ્યસ્થની જરૂર નથી, કારણ કે ઉડાઉ દીકરો કોઈની મધ્યસ્થી વગર સીધો જ બાપની પાસે ગયો. આ ટીકાકારો ભૂલી જાય છે કે, આ બંને

બનાવો સમાન્તર નથી. ઉડાઉ દીકરાને કોઈ મધ્યસ્થની જરૂર ન હતી, કારણ કે પિતાને છોડીને જતાં અગાઉ, તે એમની સાથે જ રહેતો હતો, અને, પિતાને સારી રીતે ઓળખતો હતો. તેને તેના પિતા વિષે કહેવા માટે બીજા કોઈની જરૂર ન હતી. તેના બાપની સંગતનો અનુભવ જ તેને બાપ પાસે પાછો લાવ્યો. જો સંગતનો આ અનુભવ તેને ન હોત, તો કોઈની પણ મધ્યસ્થી વગર તે ઘેર ન આવી શક્યો હોત.

ખ્રિસ્તી માટે પણ આ જ પ્રમાણે છે. પરમેશ્વરની સંગતમાં થોડો સમય રહ્યા પછી તે એક યા બીજા કારણે તેનાથી દૂર પાપમાં ભટકી ગયો છે. તેના જીવનની શુષ્કતા તેને તેના ભૂતકાળના ખ્રિસ્તી અનુભવોની યાદ આપે છે, અને જ્યારે ખરા પસ્તાવા સહિત બાપ પાસે પાછો આવે છે, ત્યારે પૂરા ભાન સાથે આવે છે કે બાપ તથા પ્રભુ ઈસુ બંને એક જ છે, અને (યોહાન ૧૦ : ૩૦) તે કોઈની પણ મધ્યસ્થી વગર પાછો આવી શકે છે. પરંતુ ખ્રિસ્તી સિવાયનો કોઈપણ અન્ય પાપી માણસ બાપને ઓળખતો નથી, અથવા પ્રભુ ઈસુની મધ્યસ્થી વગર બાપ પાસે જઈ શક્તો નથી. (માથ્થી ૧૧ : ૨૭; યોહાન ૧૪ : ૬).

એક અર્થમાં ઉડાઉ દીકરો અને તેનો મોટો ભાઈ બંને સરખા છે : બંનેમાંથી કોઈએ પોતાના હિસ્સાનો સદુપયોગ ન કર્યો, કેમ કે જ્યારે નાના ભાઈએ મિલકત વેડફી નાખી, ત્યારે મોટા ભાઈએ તેનો ઉપયોગ જ ન કર્યો. આ જ રીતે ઘણા ખ્રિસ્તીઓ એવા છે, જેઓ બેપરવાઈને કારણે, ખ્રિસ્તમાં મળેલ સંપત્તિનો ઉપયોગ કરતા નથી, અને પરમેશ્વર તરફથી મળેલાં તાલંતો અને આશીર્વાદોમાંથી કોઈ ફાયદો મેળવતા નથી.

(જ) કેટલાક સમાલોચકોનું કહેવું છે કે સુવાર્તાના લેખકો પ્રભુ ઈસુ સંબંધી અતિશયોક્તિભર્યું લખાણ કરવાના દોષિત છે. આપણે યાદ રાખીએ કે પ્રભુ ઈસુના શિષ્યોમાંના મોટા ભાગના અભણ માછીમારો હતા, જેઓ પાસે કોઈ સાહિત્યિક યોગ્યતા ન હતી, અને જેઓએ પ્રભુ ઈસુના જીવન-આલેખનમાં અતિશયોક્તિ કરવાને બદલે તેના વિષેની સત્ય હકીકતોનો પણ ઉલ્લેખ કર્યો નથી. આપણે તેમની મર્યાદિત બૌદ્ધિક શક્તિનો આ ઉપરથી અંદાજ કાઢી શકીએ કે ત્રણ વર્ષ સતત પ્રભુ ઈસુ સાથે રહેવાનું મળ્યું, અને વારંવાર તેનાં જીવનદાયક વચનો સાંભળવા મળ્યાં, છતાં તેઓ પરમેશ્વરના રાજ્ય સંબંધી કે ત્રણ દિવસ પછી મરણમાંથી પાછા ઊઠવાનો અર્થ ન સમજી શક્યા. આ ઉપરથી આપણે શું એવું માની શકીએ કે, આવા અબુદ્ધ મનુષ્યોએ પોતાની કલ્પનાથી તેના જીવન-આલેખનમાં અતિશયોક્તિ કરી? એવો વિચાર કરવો પણ અસંભવિત છે, કારણ કે આપણે જોઈએ છીએ કે તમામ યુગોમાં, તમામ જાતિ અને વર્ગના લોકો પ્રભુ ઈસુનું જીવન વાંચીને એવા પ્રભાવિત બન્યા કે તેઓ સંપૂર્ણપણે બદલાઈને નવા મનુષ્યો બની ગયા. આ ફક્ત પરમેશ્વરનું કાર્ય છે, જેણે મનુષ્યોની જરૂરિયાતો અને તેમના હૃદયની ઝંખના જાણીને તેઓને સંતોષ પમાડ્યો. આ ઉપરાંત, શિષ્યોમાં જો સાહિત્યક શક્તિ હોત તો તેઓ સુવાર્તામાં આપેલા વિષયોને ક્રમવાર લખી શક્યા હોત. દા.ત. પ્રથમ, તેમનું જીવન, જન્મ, મરણ, પુનરુત્થાન અને સ્વર્ગારોહણ. બીજા ભાગમાં, તેમનું શિક્ષણ અને દૃષ્ટાંતો, ત્રીજા ભાગમાં, તેમની અલૌકિક શક્તિ અને ચમત્કારો, અને ચોથા ભાગમાં, તેઓનો પોતાનો અનુભવ અને તેમના સંબંધી તેઓનો અભિપ્રાય. પરંતુ તેઓ આમ કરી શક્યા નહિ, કારણ કે ઈશ્વર

તરફથી મળેલ માર્ગદર્શન પ્રમાણે તેઓએ પોતાની સાદી રીતે અને ઉત્તમ શૈલી બતાવ્યા વગર અને અતિશયોક્તિ વિના, પોતાને વાસ્તવિક્તાનો જે અનુભવ મળ્યો હતો તે જગત આગળ મૂક્યો. (યોહાન ૧ : ૧-૨).

## (૬) પ્રભુ ઈસુનું શિક્ષણ અને નમૂનો

(ક) પ્રભુ ઈસુનું શિક્ષણ એટલું અનુપમ અને અજોડ છે કે જો એમ કહેવામાં આવે કે, તેમણે કોઈ અન્ય ગુરુ યા ધર્મમાંથી પ્રેરણા મેળવી, તો તે એવું કહેવા બરાબર છે કે સૂર્યને પોતાનો પ્રકાશ નથી, પરંતુ ચંદ્ર માફક, તે કોઈ અન્ય ગ્રહ પાસેથી પ્રકાશ મેળવી, પ્રકાશે છે. આવું થઈ શકે એમ વિચારવું પણ અશક્ય છે. જે અધિકારથી પ્રભુ ઈસુ ઉપદેશ આપતા હતા, તે પોતે જ આવા દાવાનું ખંડન કરે છે. (માથ્થી ૭ : ૨૯). જો તેમણે કોઈ અન્ય સ્થળેથી શિક્ષણ મેળવ્યું હોત, તો પહાડ ઉપરના ભાષણમાં કર્યું તેમ તેઓએ જરૂર એનો ઉલ્લખ કર્યો હોત. પહાડ પરના ભાષણમાં જૂના કરારનો ઉલ્લેખ કરતાં, તેમણે અર્થઘટનનો અધિકાર પોતાનો છે, એવો દાવો કરતાં કહ્યું કે, "પુરાતન કાળમાં લોકોને કહેલું હતું... પરંતુ હું તમને કહું છું કે..." (માથ્થી ૫ : ૨૧-૨૨).

પ્રભુ ઈસુએ મોટા દાવા પોતાનો લાભ લક્ષમાં રાખીને કર્યા એ કહેવું તે સત્યનો વિરોધ કરવા બરોબર છે, કારણ કે તેમનું આખું જીવન બીજાઓનું ભલું કરવામાં અને તેઓને ઉન્નતિ બક્ષવામાં પસાર થયું, અને એથી પણ અધિક, તેમનો વધસ્તંભ આવા કથનને ખંડિત કરે છે. તેમની જો જગતમાં માન મેળવવાની ઈચ્છા હોત, તો વધસ્તંભના મરણથી બચી જવાનો તે પ્રયત્ન કરત, અને જે લોકો તેમને રાજા સ્થાપિત કરવા માગતા હતા

તેઓને પણ ના ન પડત. પરંતુ તેમણે પોતે જ કહ્યું કે, "મારું રાજ્ય આ જગતનું નથી." (યોહાન ૬ : ૧૫; ૧૮ : ૩૬). તેઓ જગતમાં એટલા માટે આવ્યા કે સત્યનો પ્રકાશ કરે, અને પોતાનો જીવ આપીને તે તેમના ઉપર વિશ્વાસ કરનારાઓને અનંતજીવનના વારસદાર થવાનો હક આપે.

(ખ) યોહાન બાપ્તિસ્મી - પ્રભુ ઈસુની આગળ આવનારે તથા પ્રભુ ઈસુએ આ શબ્દોથી ઉપદેશનો આરંભ કર્યો, "પસ્તાવો કરો, કેમ કે આકાશનું રાજ્ય પાસે આવ્યું છે." જગતમાં પાપને કારણે જ તમામ દુઃખ, પીડા અને મરણ આવે છે. બીજી દુનિયામાં પણ પરમેશ્વરથી જુદાઈ, અને નર્કની શિક્ષા, પાપને કારણે જ છે. આથી જ પાપના ખરા પસ્તાવા વગર એ જુદાઈ અને નાશથી બચવું અશક્ય છે. ઈશ્વર પ્રેમ છે માટે જ તે કોઈને પણ પોતા પાસે આવવા ફરજ પાડતો નથી, અને મનુષ્યોમાં જે સ્વતંત્ર ઇચ્છા તેણે પોતે ઉત્પન્ન કરી છે તેમાં ડખલ કરતો નથી. પરંતુ જ્યારે પાપી પસ્તાવા સહિત તેની પાસે આવે છે, તેની આગળ નમે છે અને પોતાનું હૃદય ખુલ્લું કરે છે, ત્યારે પવિત્ર આત્મા પોતાની જીવનદાયક શક્તિ દ્વારા તેને નવું જીવન બક્ષે છે, અને ત્યારે જ તેના હૃદયમાં દેવના રાજ્યની શરૂઆત થાય છે. માટે જ પરમેશ્વરના પુત્ર બનીને તેના સનાતન રાજ્યમાં પ્રવેશ પામવા પાપીએ પસ્તાવો કરવો જ રહ્યો.

આગળ જતાં પોતાના ઉપદેશમાં પ્રભુ ઈસુએ જે લોકોની ગણતરી ધન્ય લોકોમાં થવાની છે, અને જેઓને બદલો મળવાનો છે, તેઓ સંબંધી ખુલાસો કર્યો. (માથ્થી ૫ : ૨-૧૨). તે લોકો આ છેઃ

"આત્મામાં રાંક'.... તેઓ પોતાની આત્મિક ગરીબાઈ નમ્રતાથી સ્વીકારે છે, અને દેવના વિશ્વાસુ અને આજ્ઞાંકિત સેવકો બને છે. પ્રભુ ઈસુ જે મહિમાનો રાજા છે તે ગરીબ બન્યો, જેથી તેની ગરીબાઈ મારફતે જેઓ આત્મામાં રાંક છે તેઓને સદાને માટે તેના રાજ્યના વારસો બનાવે. (૨ કોરિંથી ૭ : ૯).

"જેઓ શોક કરે છે'.... તેઓ જે શાંતિ જગત આપી શક્તું નથી અને પાછી લઈ શક્તું નથી તેવી શાંતિ સદા પામશે. ખરી રીતે, તે જ લોકો આ દિલાસો પામશે જેઓએ દુઃખ વેઠ્યું છે અને દુઃખસહનની ભઠ્ઠીમાંથી શુદ્ધ થઈને બહાર નીકળ્યા છે. (યોહાન ૧૬ : ૨૨).

"જેઓ નમ્ર છે'.... તેઓ નવા આકાશ અને નવી પૃથ્વીનો વારસો પામશે, જ્યાં ન્યાયનો વાસ છે - તેવા રાજ્યના વારસદારો પ્રભુ ઈસુએ તેઓને બનાવ્યા છે.

"જેઓને ન્યાયીપણાની ભૂખ અને તરસ છે.".... તેઓ ન્યાયના રાજ્યમાં જીવનની રોટલી અને પાણી મેળવશે, અને અનંતકાળ સુધી સંતુષ્ટ રહેશે.

"દયાળુઓને ધન્ય છે.".... તેઓ દયા પામશે, પરંતુ અત્યાચારીઓ, અને જેઓનાં હૃદયો પાષાણ સમાન કઠોર છે, તેઓ જોશે કે તેમના અત્યાચારો તેમની ઉપર જ ભયાનક રીતે તૂટી પડશે. અત્યારે તેઓ હસી રહ્યા હશે, પરંતુ ભૂતકાળની બેપરવાઈ અને ચાલુ દુષ્ટતા યાદ કરીને વિલાપ કરશે. (લૂક ૬ : ૨૫).

"સલાહ કરાવનારાઓને ધન્ય છે'.... દયાની માફક, શાંતિ પણ પરમેશ્વરનો એક ગુણ છે. જેઓ પોતાના પાડોશીઓના

9BGS2